Published on 10th of every month

# ગ્રામસ્વરાજ

અંક : ૩ • વર્ષ : ૭૯ • ૧૦ જૂન, ૨૦૨૫

કિંમત ₹ ૭ • વાર્ષિક લવાજમ : ₹ ૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026



## અનુક્રમણિકા

અંક–૩ • વર્ષ : ૭૯
૧૦ જૂન, ૨૦૨૫

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી

**સંપાદક મંડળ**

* ઘનશ્યામભાઈ એચ. અમીન
* ભીખાભાઈ ઝ. પટેલ

* વાર્ષિક લવાજમ : રૂા. ૮૦
* છૂટક નકલ : રૂા. ૭

પત્રવ્યવહારનું અને લવાજમ
મોકલવાનું સરનામું :

**ગુજરાત રાજ્ય સહકારી સંઘ**

સહયોગ, જ્યોતિસંઘની પાછળ, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

* ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ
* ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
* website : www.gujaratscu.com
* E-mail : sahakarguj1850@gmail.com

સત્કર્મો કરીએ સત્કર્મો જ સુખ–શાંતિના સર્જક
– શ્રી નવીન વી. વાછાણી ૩

બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન
– ડૉ. કે. પી. કીકાણી ૫

સહકાર અને પંચાયત ક્ષેત્રના પુરુષોત્તમ જયવંતસિંહજી જાડેજા
– પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર ૧૦

૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ :
એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ
અષ્ટાંગયોગ : એક સર્વગ્રાહી જીવનશૈલી
– શ્રી કિરણ ચાંપાનેરી ૧૪

સહકારિતા અને ડ્રોન ટેકનોલોજી
– શ્રી વૈશાલીબેન એચ. રાવલ ૧૯

૧૫મી જૂન – ફાધર્સ – ડે – પિતા–હૂંફ ભર્યો છાનો હોંકારો
– શ્રી વિનોદ એમ. મકવાણા ૨૧

સાચું 'ગ્રામસ્વરાજ' લાવવામાં મહત્વની કડી સાબિત થતી 'સ્વામિત્વ યોજના'
– શ્રી સમીર રામી ૨૪

બીજો જન્મ નહિ મળે? આ વખતનો એન્ડ જ ધી એન્ડ છે ૨૮

પાણીને ઘીની જેમ વાપરો ૩૧

## ગ્રામસ્વરાજ

* દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
* નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
* છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઈ શકે છે. • લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
* ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે 'ગ્રામસ્વરાજ' મોકલવામાં આવે છે.
* 'ગ્રામસ્વરાજ' માસિક તથા 'સહકાર' પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
* રાજ્ય સહકારી સંઘના સભાસદોને "ગ્રામસ્વરાજ" તથા 'સહકાર' વિના લવાજમે મોકલવામાં આવે છે.

ચિંતન

# સત્કર્મો કરીએ
# સત્કર્મો જ સુખ-શાંતિના સર્જક

શ્રીમદ્ ભગવદ્‌ગીતા ભારતીય સંસ્કૃતિનો સર્વોત્તમ ગ્રંથ છે. દરેક ભારતીયના મનમાં એના પ્રતિ શ્રધ્ધા અને આસ્થા છે. આ ગ્રંથનું ચિંતન - મનન સમગ્ર દુનિયામાં સ્વીકૃત છે. તેનો સંદેશ છે કે સમજપૂર્વક પ્રેમથી સતત કર્મ કરતા રહો. ફળની આશા ન રાખો. તમને કર્મ પ્રમાણે ફળ મળશે. આ સરળ વાક્યમાં સમગ્ર સંસારનું જ્ઞાન સમાયેલું છે. એમાં જીવનની વાસ્તવિકતાનું આલેખન છે. બોધ છે. આમેય માણસના જીવનની એક પણ પળ કર્મ વિનાની હોતી જ નથી. એ ઈચ્છે કે ન ઈચ્છે એને કોઈને કોઇ કર્મ તો કરવાનું જ રહે છે. ગીતા કહે છે સારું કર્મ કરવું એ પણ કર્મ છે, ખરાબ કર્મ કરવું એ પણ કર્મ છે. જીવન કર્મનું જ બનેલું છે. કોઈક કર્મને વેઠ તરીકે કરે છે તો કોઇ એને પૂજા સમજીને કરે છે.

કર્મમાં જ્ઞાન, ભાવ, ભક્તિ અને સારાપણું હોવા જોઇએ. કર્મનું સામ્રાજ્ય આખા બ્રહ્માંડમાં સર્વત્ર છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને આદી દેવો, ઈન્દ્ર, વરૂણ, યમ, મરુત વગેરે દેવો, અને સૂર્ય, ચંદ્ર મંગળ વગેરે ગ્રહોએ બધા કર્મમાં પ્રવૃત્ત છે. કોઇ એના પ્રભાવથી છૂટી શકતું નથી અને કોઇ એના ફળથી છટકી શકતું નથી. બધા પર કર્મનો પ્રભાવ છે.

મનુષ્ય જે કંઇ કરે છે એ કર્મ સત્કર્મ પણ હોઇ શકે છે અને તે દુષ્કર્મ પણ હોય શકે છે. જે સારું છે તે સત્કર્મ હોય છે, અને ખરાબ છે તે દુષ્કર્મ હોય છે. સત્કર્મ કરનાર માણસોની જગત પ્રશંસા કરે છે. અને તેને માનની નજરે જૂએ છે. ખરાબ કર્મ કરનારને જગત ધિક્કારે છે, નફરત કરે છે. ગીતામાં કહ્યું છે : 'ગહના કર્મણો ગતિઃ' કર્મની ગતિ ગહન છે. લોક વ્યવહારમાં એવું કહેવામાં આવે છે કે : ''જે સારું કરે છે એનું સારું થાય છે અને જે ખરાબ કરે છે એનું ખરાબ થાય છે.'' 'વાવો તેવું લણો' જે કુદરતના કર્મનો અટલ નિયમ છે.

મનુષ્યને હંમેશા તેના કર્મ પ્રમાણે ફળ મળે છે. વિદ્યાર્થી ખૂબ જ સારી મહેનત કરે તો સારું પરિણામ મેળવે છે. આપણે કોઇને

**નવીન વી. વાછાણી**
૩૦૧-સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ,
આસ્થા રેસિ. પાછળ, મવડી, રાજકોટ-૪,
મો. ૯૯૭૯૪૬૯૯૧૭

મદદ કરીએ એટલે એ પણ આપણને મદદ કરે છે. આંબા વાવીએ તો કેરી મળે છે. ભગવાન મીરાનું ઝેર પણ અમૃત બનાવી દે છે. નરસિંહ મહેતાના વિશ્વાસ પર ભગવાન એમની હૂંડી સ્વીકારી લે છે. હિરણ્યકશ્યપુ દ્વારા મારી નાખવાના અનેક ઉપાયો કરવા છતાં ભક્ત પ્રહ્‌લાદને ભગવાન બચાવી લે છે. જે સત્કર્મોનું શુભફળ છે. માટે મનુષ્યે સુખ આપતા સત્કર્મો કરતા જ રહેવા જોઈએ. બધા ધર્મો સત્કર્મો કરવામાં હરિફાઇ કરવી જોઇએ તેવું કહે છે. પરંતુ ઘણા મનુષ્યો ઈશ્વરનો ડર રાખ્યા વગર ઈશ્વરને ન ગમે તેવા નઠારા કાર્યો અહંકારથી કરતા હોય છે, જે દુષ્કર્મો બને છે. જેમકે : પરિવાર, સમાજ, રાષ્ટ્રિહીત કે કોઇ ઈશ્વરીય કાર્યમાં અવરોધ કરીએ, જીવહિંસા કરીએ એ બધા નઠારા કાર્યો છે જેમનાથી હંમેશા ખરાબફળ દુઃખમય ફળ મળે છે. ચોરી, જુગાર, લાંચરૂશ્વત, વિશ્વાસઘાત એ બધા પણ નઠારા કર્મો છે. વ્યક્તિએ આ કર્મોથી પણ બચવું જોઇએ. સત્કર્મો જ મનુષ્યને ફળે છે ને સુખ આપનારા છે.

મનુષ્યના જીવનમાં સુખ અને દુઃખ આવે છે એ અણધાર્યા કે એકાએક કે ભૂલથી આવી પડેલા હોતા નથી, પરંતુ ઈશ્વર પોતે માનવીના કર્મ અનુસાર એને સુખ અને દુઃખ અર્પે છે, અને એટલે જ એનું અકાળે મૃત્યુ થાય છે, પતન થાય છે, તેની સંપતિ નાશ પામે છે. આ બધુ ઈશ્વરના કારણે થતું નથી, પરંતુ વ્યક્તિના પોતાના કર્મના કારણે થાય છે. એટલે જ આપણા પૂર્વજો કહી ગયા છે. કે વ્યક્તિએ પોતે સમજી વિચારીને સત્કર્મો કરતા રહેવા જોઈએ. અને દૂષ્કર્મોથી દૂર રહેવું જોઈએ.

સજ્જન મનુષ્યમાં દયા, દાન, કરૂણા, પ્રેમ, ઉદારતા, માનવતા, ક્ષમા, સેવા, સહકાર, પરોપકાર, પ્રમાણિકતા અને સત્યતા જેવા સદ્‌ગુણો રહેલા હોય છે. આ સદ્‌ગુણોનું આચરણ કરનાર વ્યક્તિ કાયમ સત્કર્મો કરતા રહે છે ને સુખમય શુભફળને પામે છે. આવો, આપણે પણ બધા સત્કર્મો કરવાની હરિફાઇ કરતાં રહીએ અને ઈશ્વરને ગમતા રહીએ.

- ''મનુષ્યનું જીવન વર્ષોથી નહીં,
  પણ કર્મોથી જ મપાય છે.''

**— એન્થોની**

- ''તમે ભગવાનની નજીક કે દૂર એ તમારાં કર્મ વડે જ નક્કી થાય છે.''

**— નાનક**

- ''ક્ષણવાર ભલે, તો યે સત્કર્મે જીવવું ભલું, મળે જો જીવવા લાંબું દુષ્કર્મ, તો યે તે ભૂંડું''

**— મહાભારત**

બાગાયત

# બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન

## Value Addition in Fruits and Vegetables

ભારતમાં ફુડ પ્રોસેસીંગ સેક્ટર એક મોટો વિભાગ છે અને ભારતના અર્થકારણમાં વિકાસ અને ઉત્પાદનમાં અગ્રેસર છે. વપરાશ અને નિકાસમાં ફળો, શાકભાજી, મરી, મસાલા, પ્લાન્ટેશન પાકો, ઔષધિય પાક, વનવૃક્ષો, શોભાના ફુલછોડની પેદાશ અને સુંગધીત તેલ, અત્તર અને સૌંદર્ય વર્ધિત પેદાશ મુખ્ય છે. જેમાં ભારતે મૂલ્યવર્ધિત રૂા. ૩૧૧૧૧.૯૦ કરોડની પેદાશની નિકાસ ૨૦૧૮-૧૯ કરેલ હતી. જેમાં કેરી મુખ્ય રૂા. ૬૫૭.૬૭ કરોડ તેમજ રૂા. ૨૪૭૩.૯૯ના શાકભાજી આધારિત પેદાશની નિકાસ કરેલ ઉપરાંત કેરી રસ, અથાણા, ચટણી, પાવડર, વિગેરે મૂલ્યવર્ધિત પેદાશનું વિશ્વ બજાર રૂ. ૭ ટ્રિલિયન ડોલરનું છે.

દુનિયામાં ભારત ફળ અને શાકભાજીના ઉત્પાદનમાં ચાઈના પછી બીજો ક્રમ ધરાવે છે, પરંતુ ફળો અને શાકભાજી ગ્રાહકના મોઢા સુધી પહોચે ત્યાં સુધીમાં ૨૫-૩૦ ટકા બગડી જાય છે. જેની અંદાજિત કિંમત રૂા. ૧ લાખ કરોડ થવા જાય છે. યુ.કે. અને ઓસ્ટ્રેલિયામાં જે કંઇ ફળ અને શાકભાજી પાકે છે તેટલા તો આ દેશમાં બગડી જાય છે.

**ડૉ. કે. પી. કીકાણી**
નિ. પ્રાધ્યાપક, બાગાયત અને
પ્રમુખ : ગુજરાત બાગાયત વિકાસ
પરિષદ, આણંદ
ફોન નં.: ૯૮૨૫૩ ૫૫૭૪૮

**કારણો :**

(૧) બાગાયતી પાકોમાં વીણી/કાપણી પહેલાની ખામીઓ જેમકે હાઈબ્રીડ/હાઈ ઈલ્ડીંગ જાતનો અભાવ.

(૨) ખેતી વિષયક માવજતોની ખામી અથવા ખોટી રીતે ઉપયોગ અને અધકચરો ઉપયોગ.

(૩) પાક સંરક્ષણમાં ખોટા નિદાનો/ખોટી દવાઓ.

(૪) ચોક્કસ સમયે અને ચોક્કસ રીતે ઉતારવાની ખામી.

(૫) ઉતાર્યા પછીની હેરફેર અને માવજતોનો અભાવ

(૬) ગ્રેડિંગ, પેકિંગ, સ્ટોરેજ અને ટ્રાન્સપોર્ટના કોઇ પ્રમાણિત પ્રમાણો અપનાવવાની આળસ અથવા અણ આવડત.

(૭) દેશમાં ગામા ઈરાડીએશન/વેપરહીટ ટ્રીટમેન્ટ, ઇ-બીમ્બસ્ટ્રી લાઈઝેશન, કોલ્ડ સ્ટોરેજ, પ્રોસેસીંગ યુનિટ,

રિફર ટ્રાન્સપોર્ટેશન, વગેરે અપુરતી સગવડતાઓ તથા પ્રમાણિત યુનિટોની ખામી.

(૮) નિકાસ માટે નબળું સંકલન, ગુણવત્તાની ખામી, તેમજ ચોક્કસ સમયે, ચોક્કસ જથ્થામાં કાચા માલની ઉણપ.

(૯) સ્થાનિક અપુરતું બજાર.

(૧૦) હજી આપણાં દેશમાં ૩૦ ટકા પ્રજા અપુરતા અને અસમતોલ પોષણથી પીડાય છે.

(૧૧) મૂલ્યવર્ધનના અભાવે દેશને બાગાયતી પાકોના પેદાશ-નિકાસની મોટી જરૂરિયાત તેમજ શકયતા હોવા છતાં પરદેશમાં માંગ હોવા છતાં ખાસ કંઈ લાભ કરી શકતા નથી.

(૧૨) સંકલિત પાક વ્યવસ્થા અને સંકલનની ઉણપ.

આમ, અનેક પ્રકારની ઉણપો હોવા છતાં બાગાયતી પાકોમાં મૂલ્ય વર્ધન માટે અમૂલ્ય અને વિપુલ શકયતા ઓ રહેલી છે.

**કારણો :**

(૧) બાગાયતી પાકોમાં જીડીપી ૩૦ ટકા છે. જ્યારે સામાન્ય ખેતીમાં ૧૭ ટકા છે.

(૨) બાગાયતી પાકોમાં દર વર્ષે વિસ્તાર અને ઉત્પાદન ૫ ટકાના દરે વધે છે, જયારે સામાન્ય ખેતીમાં ૨-૫ ટકા છે.

(૩) કૃષિની કુલ નિકાસમાં બાગાયતનો ફાળો ૨૫ ટકા છે. જયારે અન્ય કૃષિના ૧૫ ટકા છે.

(૪) કૃષિલક્ષી રોજગારીમાં બાગાયતી પાકોનો ફાળો ૨૫ ટકા છે.

(૫) ફળો, શાકભાજી, મસાલા, ઔષધિયોની વપરાશ અને નિકાસ વધતી જાય છે.

(૬) માળખાકીય સગવડતા અને ટેકનોલોજી ઉપલબ્ધ થવા માંડી છે.

(૭) બાગાયતી પાકોમાં ઉત્પાદન ૧૯૯૧-૯૨માં ૯૪.૦૭ મિલિયન ટન હતું તે ૨૦૧૨-૧૩માં ૨૬૮.૮ મિલિયન ટન થયેલ છે.

(૮) WTO અને બેંકોનું ઉદારીકરણ, સરકારની યોજનાઓ, સબસિડી, ખેતીનું શિક્ષણ અને સંશોધન અને વિસ્તરણ વધતું જાય છે.

(૯) પરદેશમાં ભારતની મૂલ્યવર્ધિત પેદાશની માંગ પણ વધે છે.

દુનિયાના વિકાસ પામેલ દેશમાં ખેતીની પેદાશ ખેતરમાંથી સીધુ ૭૦-૭૫ ટકા મૂલ્યવર્ધનમાં જાય છે જ્યારે ભારતમાં ૨ ટકા પણ મૂલ્ય વર્ધનમાં ન જતા એક બાજુ ખેડૂતોને પુરતા ભાવ મળતા નથી. બીજી બાજુ ફળો અને શાકભાજીમાં રહેલ કિંમતી

ક્ષારો અને વિટામિનનો બગાડ થાય છે. દેશમાં ૩૦ ટકા પ્રજા અપુરતા અને અસમતોલ પોષણને કારણે નાના-મોટા અનેક રોગથી પીડાય છે. વિગેરે તેની સામે એક માત્ર ઉપાય આપણી બાગાયતી પેદાશમાં મૂલ્ય વર્ધન જરૂરી નહીં પણ અનિવાર્ય છે. જેનાથી થનાર ફાયદા અઢળક છે.

(૧) બાગાયતદારોને પુરતા ભાવ મળી રહે.
(૨) સામાન્ય પ્રજાનું આરોગ્ય સુધરે.
(૩) લાખો માણસોને રોજી મળતા બેકારી નિવારણ થશે.
(૪) નાના ઉદ્યોગો દ્વારા ગામડા ભાંગતા અટકાવી શકાય.
(૫) શહેરી દૂષણો અને પ્રદૂષણો ઓછા થશે.
(૬) નિકાસ વધારી કિંમતી હુંડિયામણ કમાવી શકાય.
(૭) બારે માસ ફળો અને શાકભાજીનો સ્વાદ માણી શકાશે.



**અનેક ફાયદાઓ ધ્યાને લઈ બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન શકય છે, તે જોઈએ**

(૧) રસ, શરબત, વિગેરે પીણા દાત : દાડમ, જામફળ, સંત્રા, કેળા, બોર, નાળિયેરી, લીંબુ, કેરી, લીચી, સ્ટ્રોબેરી, પાઈનેપલ, દ્રાક્ષ, વિગેરે
(૨) જામ, જેલી : કેરી, જામફળ, ચીંકુ, કેળા
(૩) અથાણા, પાપડ, ચટણી, પાવડર : કેરી, બીજોરા, નાળિયેર, કરમદા, ગુંદા, વિગેરે
(૪) મુખવાસ, કેન્ડી, આમળા, કેરી, સ્ટ્રોબેરી
(૫) આઈસ્ક્રીમ : કેરી, ચીકુ, વિગેરે
(૬) સુકવણી : કેરી, લીંબુ, સંત્રા, ચીકુ, વિગેરે

**શાકભાજી :**

**સુકવણી:** ડુંગળી, લસણ, ગાજર, મરચા, ટામેટા

**અથાણા :** ડુંગળી, ગાજર, મરચા

**મસાલા :** સુંગધીત તેલ, ઓઈલ, ઓલિઅરેઝીન, મીઠી લીંમડી પાન પાવડર, મસાલા, ધાણા પાવડર, ધાણાદાળ, વરીયાળી સરબત

**ફુલ છોડ :** સુકાપાન, ફુલો, અત્તર વિગેરે

**ઔષધિય પાકો :** ચૂર્ણ, ટેબ્લેટ, ચવન પ્રાસ, ગુટકા, ચ્યવનપ્રાસ,

**વેફર :** બટાટા, રતાળુ, મોંગો, સુરણ વિગેરે

આ ઉપરાંત ફોઝોન, ફળો અને શાકભાજીમાં વિશ્વનું મોટું બજાર છે.

**માળખાકીય સગવડતાઓ વધારવી :**

(૧) મૂલ્યવર્ધન માટે ટ્રેનિંગ સેન્ટરો, સંખ્યા અને ચોક્કસતા અને આધુનિકતા સાથે કાર્યક્ષમતા વધારવી.

(૨) સાહિત્ય પબ્લિકેશન દ્વારા પ્રચાર અને પ્રસારણ વધારવું.

(૩) શિક્ષણ અને સંશોધનને વેગ આપવો.

(૪) રોડ / માર્ગ / એરપોર્ટનો વિકાસ અને ટ્રાન્સપોર્ટેશનની ઉપલબ્ધતા અને વિકાસ.

(૫) સ્થાનિકે મૂલ્યવર્ધન પેદાશનું સર્વે તેમજ પરદેશમાં માંગના સર્વે કરાવવા, તેની જરૂરિયાત પ્રમાણે પેદાશો તૈયાર કરવી. (ગ્રાહકલક્ષી અને નિકાસલક્ષી)

(૬) ઓર્ગેનિક ફાર્મિંગને પ્રોત્સાહન.

(૭) યોજનાઓનો ચોક્કસતા અને પ્રમાણિકતાથી અમલ.

(૮) કુલચેઇન સપ્લાય માટે રિફ્રીઝરેટર વાહનો.

આમ ઉપરોકત બાબતે મેક્રો અને માઈક્રો લેવલે પ્લાનિંગ તે સફળતાની ચાવી.



**સહકારી સંસ્થાનો રોલ :**

દેશમાં તથા રાજયમાં સહકારી સંસ્થાઓનું વિશ્વમાં અદ્‌ભૂત કહી શકાય તેવું નેટ વર્ક છે. જેમકે સહકારી બેંકો, સહકારી સંઘો, સહકારી મંડળીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ, સહકારી હાટ, વિગેરે વિગેરે છે. જેમા અમૂલ, ખાંડ ફેકટરીઓ, ખાતર ફેકટરીઓ અને દક્ષિણ ગુજરાતની ફળો અને શાકભાજી મંડળીઓ સુંદર કામગીરી કરી રહેલ છે.

ડૉ. કુરીયન સાહેબ દૂધમાં વિશ્વની ક્રાંતિ કરી જે સૌરાષ્ટ્રમાં તેલ માટે ન થઇ શક્યું. શક્યતાઓ છે, પરંતુ પ્રમાણિક પ્રયત્નો કરવાની જરૂર છે. સરકારી માળખું શું કરી શકે, જે તે વિસ્તારમાં આવી બાગાયત, સહકારી મંડળીઓ ઊભી કરવાની જરૂર છે.

**શું કરવું જોઇએ :**

સ્થાનિકે કયા બાગાયતી પાકો થાય છે તેનું સર્વે અને મૂલ્યવર્ધન માટેની શકયતા તપાસી યુનિટો સ્થાપવા. દા.ત. વલસાડ, જૂનાગઢ, નવસારીમાં કેરીને લગતુ મૂલ્યવર્ધન, શાકભાજી વિસ્તારમાં શાકભાજી ડીહાઈડ્રેશન મૂલ્યવર્ધન અથવા માર્કેટિંગ કરી તેના માટે જરૂરી માળખાકીય સગવડતાઓ ઊભી કરવી ખેડૂતોને તેના ભાગીદાર બનાવો અને સરકાર તમામ મદદ કરે સબસિડી આપે, સગવડતાઓ આપે અને નિકાસ માટે સરળતા કરી આપે છે.

ગુજરાત ફળો, શાકભાજી, ઔષધિય પાકો તથા મરી-મસાલાના મૂલ્યવર્ધન માટે વિશાળ શક્યતા ધરાવે છે. આ પૂરી શક્યતાનો લાભ ઉઠાવવા સૌના સહિયારા પ્રયત્નો કરવાની જરૂરિયાત છે. ફળ પાકોમાં કેરી, કેળા, લીંબુ, ચીકુ, દાડમ, જામફળ અને ખારેકમાં મૂલ્યવર્ધન અને શાકભાજીમાં બટાટા, ટામેટા, મરચા, લસણ, ડુંગળી માટે અને ઔષધિય પાકોમાં ઈસબગુલ, અશ્વગંધા, ડોડી, કૌંચા, શતાવરી તેમજ મરી-મસાલામાં જીરૂ,ધાણા, મેથી, અજમો, સુકા મરચા, હળદર, અને આદુ માટે પુષ્કળ શક્યતાઓ છે. મોડું થયું છે પરંતુ ઘણું બાકી છે. ચાલો સૌ સાથે મંડી પડીએ. જેમાં સહકારી ક્ષેત્ર વિશેષ ભાગ ભજવી શકે તેમ છે. સહકારી ક્ષેત્રે આપણે ઈઝરાઈલનો દાખલો લેવા જેવો છે.

ગુજરાતે ઘણા ક્ષેત્રે પહેલ કરી, દાખલા બેસાડેલ છે. તો બાગાયત ક્ષેત્રે વિશેષ કરી બતાવવા પહેલ કરવી જરૂરી છે.

- ટેકનોલોજી અપનાવવી.
- માળખાકીય સગવડતા વધારવી.
- મેનેજમેન્ટ કાર્યક્ષમ કરવું.
- યંગ જનરેશનને ઉત્સાહિત કરવી અને આ ક્ષેત્રમાં સાંકળતી કૃષિ યુનિવર્સિટીઓએ પ્રત્યક્ષ ખેડૂતોને ટ્રેનિંગ આપવી.
- બહેનો/દીકરીઓને ગૃહલક્ષી એકમો સ્થાપવા મદદ કરવી.
- વેચાણ વ્યવસ્થા/ કાચો માલ વિગેરે માટે જોગવાઈ કરવી.
- આજે આપણા માન. વડાપ્રધાન જ્યારે દેશ અને દુનિયામાં ભારતના વિકાસ માટે જૂસ્સો અને જોમ બતાવી રહ્યાં છે ત્યારે આપણે પણ તેના થોડા ભાગીદાર બનીએ. એનાથી નવું ગુજરાત, હરિયાળુ ગુજરાત, રળિયામણું ગુજરાત, શુખ,શાંતિ અને સુમૃધ્ધિ સભર ગુજરાત બનાવીએ.

"કંઈ અશકય નથી," We Can Do



વ્યક્તિત્વ

# સહકાર અને પંચાયત ક્ષેત્રના પુરુષોત્તમ જયવંતસિંહજી જાડેજા

ગુજરાત રાજ્યના સહકારી પંચાયતી આંદોલનના પ્રણેતા, અગ્રણી જયવંતસિંહભાઈ જાડેજાનું શરીર તા. ૨૬ માર્ચ બુધવારના પંચમહાભૂતમાં વિલીન થઈ ગયું. તા. ૫/૧૦/૧૯૩૬ના તેમનો જન્મ. ૮૯ વર્ષનું દૈવી, પ્રકાશવંત જીવન. તેમના પિતાશ્રી રાજકોટ જિલ્લામાં આવેલ રાજપરા ગામના ગિરાસદાર. તેમણે વિખ્યાત હંટર ટ્રેનિંગ કોલેજ અધ્યાપન મંદિર રાજકોટમાંથી શિક્ષણ મેળવેલું. તેમના સંતાનને ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ સ્થાપિત નઈ તાલીમના ક્ષેત્રે પ્રયોગશીલ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં અભ્યાસ કરવા મોકલ્યા. અહીં સૈદ્ધાંતિક શિક્ષણ સાથે પ્રત્યક્ષકાર્યનો અનુબંધ. જયવંતસિંહભાઈ અને પાંચ વિદ્યાર્થીઓએ સંસ્થાના જમરૂખના બગીચાનો ઈજારો વેકેશનમાં રૂ. ૭૦૦૦માં રાખ્યો. વૃક્ષોની પૂરી માવજત કરી. ખાદીનો ગણવેશ પહેરી સોનગઢથી બોટાદ ટ્રેનમાં બેસી જમરૂખ વેચવા જાય. વધેલા ફળ બોટાદ માર્કેટિંગયાર્ડમાં આપી દેવાના. મોસમ પૂરી થતા જે કમાણી થઈ તેમાંથી ઉત્તર ભારતની યાત્રા કરી. ભણતર સાથે ગણતર. જીવન ઘડતરના પાઠ શીખવા મળ્યા.

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**
ડી-૨૦૪, અભિષેક એન્ટિલિયા, સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે, પુનિત નગર, ન્યૂ સમા રોડ, વડોદરા - ૩૯૦૦૨૪,
મો. ૯૪૨૬૪૧૦૯૦

**લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સંવેદનાનું ઘડતર:**

૧૯૫૫માં વિનિત, મેટ્રીકની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ તેઓ ઉચ્ચશિક્ષણ માટે લોકભારતીમાં જોડાયા. છેલ્લાં વર્ષમાં મનુભાઈ પંચોળી સાથે વીશેક વિદ્યાર્થીઓ ઓરિસ્સાના કોરાપુટ જિલ્લામાં ગ્રામદાન વિસ્તારમાં ગયા. વિનોબાજીએ તકવંચિત ખેતમજૂરોને જમીન અપાવવા ભૂદાન આંદોલનની શરૂઆત કરેલી. વિદ્યાર્થીઓએ કોરાપુટના આર્થિક, સામાજિક પછાત વિસ્તારનો સર્વે કર્યો. લોકો સાથે સંવેદનાના તાર જોડાઈ ગયા. તે વર્ષે વિનોબાજી લોકભારતી આવેલા. તેમણે તેમના મંગલ પ્રવચનમાં લોકભારતીના સ્નાતકોને કોરાપુટમાં ગ્રામદાન કાર્યક્રમ માટે સામેલ

થઈ જવાની હાકલ કરેલી. તેમનાથી પ્રભાવિત જયવંતસિંહભાઈ અને પાંચેક મિત્રો રાજકોટ સુધી પદયાત્રામાં જોડાયા. જયંતીભાઈ માલધારીનું ગીત સૌને મંત્રમુગ્ધ કરી ગયું.

માનવતાએ પ્રેમને કીધું હાલ લઈ અવતાર
વિનોબાજી સંતના નામે ઘૂમે ગામે ગામ'

અસંખ્ય લોકો જમીનનું દાન કરવા લાગ્યા. લોકભારતીના છેલ્લાં વર્ષમાં ૬ માસ પ્રત્યક્ષકાર્ય માટે જુદા જુદા વિસ્તારમાં જવાનું રહેવાનું. જયવંતસિંહભાઈ બાગાયતી ખેતીના અનુભવો માટે વનસ્પતિશાસ્ત્રી ઈસ્માઈલભાઈ નાગોરીના ફાર્મ ઉપર તરવડા જિ. અમરેલી રહ્યા.

ગાંધીમાર્ગી હરિવલ્લભભાઈ પરીખના આશ્રમ 'આનંદ નિકેતન' રંગપુર રહીને આદિવાસી પ્રદેશમાં પ્રવૃત્ત. સર્વાંગી વિકાસના કામોથી અવગત થયા. સ્નાતક થયા પછી રાજકોટ સ્થિર થયા.

**સઘનક્ષેત્ર યોજના મણારના વ્યવસ્થાપક :**

જયવંતસિંહભાઈ તત્કાલીન મુખ્યમંત્રી ઢેબરભાઈના નિવાસસ્થાને સહકારમંત્રી રતુભાઈ અદાણી સાથે ભાવિ આયોજન અંગે ચર્ચાઓ કરી રહ્યા હતા. તે સમયે ભારત સરકાર રચિત ખાદીગ્રામોદ્યોગ કમિશન મુંબઈ દ્વારા ગ્રામીણ વિસ્તારના સર્વગ્રાહી ઉત્થાન માટે ૨૦૦ સઘનક્ષેત્ર યોજનાઓની શરૂઆત થવાની હતી. મનુભાઈએ આ પૈકીની એક યોજના તળાજા તાલુકાના ૩૫ ગામો માટે લેવાનું નક્કી કરેલ. મુખ્ય મથક મણાર. (અહીં ગ્રામદક્ષિણામૂર્તિએ પોતાના વિશાળ કૃષિ કેન્દ્રનો શુભારંભ કરેલો). અહીં માનદ્ સંચાલક મનુભાઈ. જ્યારે વ્યવસ્થાપક તરીકે જયવંતસિંહભાઈની નિમણૂંક થઈ. મદદનીશ વ્યવસ્થાપક પ્રવીણભાઈ મહેતા (જેઓ તતપશ્ચાત લોકશાળા મણારના આચાર્ય થયા). ૧૨ કાર્યકરોની ટીમ, ખાદી ગ્રામોદ્યોગ દ્વારા સ્વરોજગાર. ૩૦ શાળાઓની બુનિયાદી શાળા તરીકે પસંદગી થઈ. અહીં બધા જ વિદ્યાર્થીઓ સમૂહમાં કાંતે. સૂતરમાંથી વણાંટ, રંગાઈ અને ધોલાઈ થયા પછી ગણવેશ તૈયાર થાય. ત્રીજા વર્ષે ૫૦૦૦ વિદ્યાર્થીઓના યુનિફોર્મ્સના વિતરણ કાર્યક્રમનું આયોજન થયું. વિધાનસભાના અધ્યક્ષ રાઘવજીભાઈ લેઉવાએ જાહેરમાં પ્રતિભાવ આપતા કહ્યું કે "આ યોજના દ્વારા ગાંધીવિચારનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે." ખાદી ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષપદે ઢેબરભાઈની વરણી થઈ. તેઓ લોકભારતીના પણ ટ્રસ્ટી. તેમણે યોજનાના મૂલ્યાંકન માટે કમિશનના સભ્ય

અક્ષયકુમારના અધ્યક્ષસ્થાને એક સમિતિની રચના કરેલી. તેમણે ઉની ધાબળા ઉત્પાદક સહકારી મંડળી, વણકર નિવાસ, પરિશ્રમાલય વગેરેની મુલાકાત લીધી અને પ્રસન્નતા વ્યકત કરી નોંધ લીધી કે "આ યોજનાના કેન્દ્રમાં જયવંતસિંહભાઈ છે."

**જાહેરજીવનના પ્રહરીઃ**

જયવંતસિંહભાઈના જાહેર જીવનના પાયાનું ઘડતર થઇ ચૂક્યું હતું. હવે તેના ઉપર ઈમારત ચણવાની હતી. ૧૯૬૯માં ૩૩ વર્ષની વયે મથાવડા ગામના સરપંચ થયા. ૧૯૭૨માં જિલ્લા પંચાયત ભાવનગરના સભ્ય અને ૧૯૭૫માં તળાજા તાલુકા પંચાયતના પ્રમુખપદે જવાબદારી વહન કરી. આ સમયે રાજ્ય સરકારે ખેતમજૂરો માટે ૧૦૦ ચોરસ વારના મફત પ્લોટની યોજના કાર્યાન્વિત કરેલી. તેનો લાભ લઈ જયવંતસિંહભાઈએ ૧૧૮ ગામોના ૧૦,૦૦૦થી વધુ આવાસ તૈયાર કરાવી વંચિત વર્ગના આશીર્વાદ પ્રાપ્ત કરેલા. આ ઘર માટે આવશ્યક લાકડું, છેક ડાંગ જિલ્લાના વઘઈ સેન્ટરમાંથી મેળવવામાં આવેલું.

**જિલ્લા સહકારી બેન્ક ભાવનગરના સુકાની :**

૧૯૫૮-૫૯માં ભાવનગર જિલ્લાની સહકારી મંડળીઓના સંગઠન જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કની સ્થાપના થયેલી. પ્રથમ પ્રમુખ જાદવજીભાઈ મોદી. ૧૯૬૫માં ઘોઘા તાલુકાના પ્રતિનિધિ તરીકે જયવંતસિંહભાઈની કો-આપ્ટેડ ડિરેકટર તરીકે પસંદગી થયેલી. ૧૯૬૬થી ૧૯૯૨ બેન્કના ડિરેકટર, ૧૯૭૧થી ૧૯૭૮ ઉપપ્રમુખ, ૧૯૭૫થી ૧૯૮૧ મેનેજિંગ ડિરેકટર તથા ૧૯૮૧થી ૧૯૯૨ પ્રમુખ તરીકે સક્રિય રહીને બેન્કિંગ ક્ષેત્રમાં પ્રાણ પૂરવાના ભગીરથ પ્રયાસો કરેલા. બેન્કના સમગ્ર મેનેજમેન્ટના ટીમવર્કને પરિણામે રાજયમાં વસુલાતના ક્ષેત્રે ૧૭ વર્ષ સુધી આ બેન્ક પ્રથમ સ્થાન મેળવતી રહી. પાક વીમા યોજનાને કારણે જિલ્લાના એક લાખ ખેડૂતો લાભાન્વિત થયા. દુષ્કાળના વર્ષોમાં સહકારી મંડળીઓના સહયોગથી ૧૯૪ ગામોમાં કેટલ કેમ્પ યોજયા. ૧૯૭૮માં ખાદ્યતેલની રાષ્ટ્રીય અછત વર્તાયેલી. તે સમયે તળાજા પંથકના ખેડૂતો દ્વારા બેન્ક લોન મેળવીને શેત્રુંજી ડેમના ઈરિગેશન કમાન્ડ વિસ્તારમાં ૭૦,૦૦૦ એકરમાં ઉનાળું મગફળીનું વાવેતર કરાવેલું. ગંજાવર ઉત્પાદનના ફલસ્વરૂપ તત્કાલીન કૃષિમંત્રી સુરજીતસિંગ બરનાલા આ ક્ષેત્રની મુલાકાતે આવ્યા અને ઉનાળું મગફળી પકવતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા એકર દીઠ રૂા.૧૫૦ ની સબસિડી તાત્કાલિક જાહેર કરી.

૧૯૬૨માં ચીનના આક્રમણ સમયે વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ "જય જવાન જય કિસાન" રાષ્ટ્રીય સૂત્રને ગૂંજતું કરેલું ત્યારે જયવંતસિંહભાઈએ મથાવડા ગામના સરપંચ અને તળાજા તાલુકા પંચાયતના સભ્યના નાતે આ તાલુકાના ઘઉં ઉત્પાદનના ક્ષેત્રે સમગ્ર રાજ્યમાં મોખરે રાખવાનું શ્રેય પ્રાપ્ત કરેલું. તેમણે શેત્રુંજી ડેમનું પાણી પાલીતાણાથી દરેક ખેતર સુધી સમયસર પહોંચે તે માટે પંચાયતી સંસ્થાઓના સહકારથી આયોજનબદ્ધ કામગીરી કરેલી. પરિણામે જયવંતસિંહભાઈ ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા તરફ પ્રેરિત કરી શક્યા.

**સિદ્ધેશ્વરી ખાંડ ઉદ્યોગ સહકારી સંસ્થા**

તળાજા વિસ્તારમાં ધાન્ય પાકોની સાથે તેલીબિયાં, કપાસ અને શેરડીના વિક્રમી ઉત્પાદનો થવા લાગ્યા. આ માટે જયવંતસિંહભાઈએ સહકારી ધોરણે રૂપાંતરણ માટે સુગર ફેકટરી શરૂ કરવાનો સંકલ્પ કર્યો. શેરડી પકવતા પાંચ હજારથી વધુ ખેડૂતોના સંગઠનની રચના કરી. જિલ્લા સહકારી બેન્કના પ્રમુખ દલસુખભાઈ પટેલ અને જયવંતસિંહભાઈ બેન્કના મેનેજિંગ ડિરેકટરઃ ત્રણ માસની અંદર સૂચિત કારખાના માટે ૬૫ લાખ રૂપિયાનું શેર ભંડોળ એકત્ર થઈ ગયું. દૈનિક ૩૦૦૦ કિવન્ટલ શેરડી પિલાણની ક્ષમતા ધરાવતી સૂચિત સિદ્ધેશ્વર ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી સાકાર થવા જઈ રહી હતી.

જયવંતસિંહભાઈ સૂચિત બોર્ડના પ્રમુખ. તે સમયે સ્થાપિત હિત ધરાવતા બે સભાસદો હાઈકોર્ટમાં ગયા. ફેકટરીની ખાસ સાધારણ સભા તા. ૧૩/૦૭/૧૯૭૯ના બોલાવવામાં આવી. કેટલાક તોફાની તત્વોએ ભારે અરાજકતા ફેલાવી. એક બિનસભાસદની હત્યા થઈ. સભાના આયોજક રાજ્યના સુગર નિયામકે સભા બરખાસ્ત કરી દીધી. ભાવનગર જિલ્લામાં સહકારી સુગર ફેકટરીનું ભવ્ય સ્વપ્ન રોળાઈ ગયું.

જયવંતસિંહભાઈએ ભાવનગરમાં વેજિટેબલ ઘીની બંધ પડેલી ફેકટરી પુનર્જિવિત કરવા ડૉ. કુરિયનનો સંગાથ મેળવી બળવંતરાય મહેતા ઓઈલ પ્રોસેસિંગ સહકારી મંડળીને સાથે રાખી તેલીબિયાં ગ્રોવર્સ ફેડરેશન-ગ્રોફેડની સ્થાપના કરાવેલી. ૩૦૦ ગામોમાં તેલીબિયાં મંડળી શરૂ થઈ ગઈ પણ કમનસીબે સ્થાપિત હિતોના વર્ચસ્વને લીધે ગ્રોફેડની કાર્યવાહી આગળ વધી શકી નહીં.

(અનુસંધાન પાનાં - ૨૩ ઉપર)

**યોગદર્શન**

## ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ : એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ

# અષ્ટાંગયોગ : એક સર્વગ્રાહી જીવનશૈલી

અષ્ટાંગ યોગની વાત આવે એટલે મહર્ષિ પતંજલિ મુનિ યાદ આવે. કારણ કે ભારતવર્ષમાં યોગની વાત તો ઘણી બધી રીતે ઘણાં દર્શનશાસ્ત્રના ગ્રંથોમાં કરવામાં આવી છે. પણ આ બધી છૂટી છવાયી યોગની વાતોને મહર્ષિ પતંજલિએ સંકલન કરી સૂત્રબધ્ધ કરી આપી અને યોગદર્શનના પ્રણેતા બન્યાં. યોગદર્શનના શાસ્ત્રીય ગ્રંથ યોગસૂત્રનું સર્જન કર્યુ. માત્ર ચાર પાદ (વિભાગ) સમાધિપાદ, સાધનપાદ, વિભૂતિપાદ અને કૈવલ્યપાદમાં ૧૯૫ સૂત્રોમાં જ પતંજલિ ઋષિએ યોગના સાધનો, યોગ અનુષ્ઠાનથી પ્રાપ્ત થતી સિદ્ધિઓ, સમાધિ અને કૈવલ્ય એટલે કે મુક્તિ,મોક્ષ સુધીનું સરસ નિરૂપણ કર્યું છે.

યોગશાસ્ત્રમાં અષ્ટાંગયોગનાં પ્રથમ - યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર પાંચ અંગો બહિરંગયોગ છે. ધારણા, ધ્યાન અને સમાધિ અંતરંગયોગ કહેવાય છે. અષ્ટાંગયોગ મૂળભૂત રીતે આધ્યાત્મિક શાખા છે. અષ્ટાંગયોગ દરેક મનુષ્ય સમજી જીવન આચરણમાં ઉતારી શકે એવી સર્વગ્રાહી જીવનશૈલી છે. સ્વસ્થ અને મસ્ત જીવન જીવવા માટે અષ્ટાંગયોગ એક કલા અને વિજ્ઞાન પણ છે. અષ્ટાંગયોગ માત્ર શારીરિક વ્યાયામ જ નથી. એક સંપૂર્ણ જીવનશૈલી છે. જીવનનાં દરેક ક્ષેત્રમાં શાંતિ અને સંતુલન લાવે છે. મનુષ્ય શરીર, મન અને આત્મા વચ્ચે ઐકય સાધી આત્મસાક્ષત્કાર સુધી પહોંચી શકે છે. સ્વયં મટીને પરમ ચૈતન્યમય હોવાની અનુભૂતિ પામવાની યાત્રા અને જાત્રા એટલે અષ્ટાંગયોગ !

**કિરણ ચાંપાનેરી (યોગ સાધક)**
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ - ૪૬
મો. ૯૬૬૨૮૩૩૨૬૮

યોગ એ ભારતના ઋષિમુનિઓ દ્વારા વિશ્વને મળેલ અણમોલ ભેટ છે. યોગ આધ્યાત્મિક અનુશાસન અને અત્યંત સૂક્ષ્મ વિજ્ઞાન પર આધારિત જ્ઞાન છે. જે મન અને શરીર વચ્ચે સામંજસ્ય સ્થાપિત કરે છે. યોગ સ્વસ્થ જીવન જીવવાની કળા અને વિજ્ઞાન છે. સંસ્કૃત ‘યુ’ ધાતુ પરથી યોગ શબ્દ બન્યો છે. યોગ એટલે મિલન કે જોડાવું. જીવનું શિવ સાથેનું જોડાવું એટલે યોગ.આત્માનું પરમાત્મા સાથેનું મિલન એટલે યોગ. ભારતવર્ષના પ્રાચીન ગ્રંથોમાં યોગવિદ્યા, બ્રહ્મવિદ્યા અંગે ખૂબ જ છણાવટ કરવામાં

આવી છે. યોગ અંગેના ગ્રંથો અનુસાર યોગ અભ્યાસ વ્યક્તિગત ચેતનાને સાર્વભૌમિક ચેતનાની સાથે એકાકાર કરે છે. આધુનિક વૈજ્ઞાનિકોના મતાનુસાર બ્રહ્માંડમાં જે કાંઈ પણ છે તે પરમાણુનું પ્રકટીકરણ માત્ર છે. જેણે યોગમાં આ અસ્તિત્વના એકત્વનો અનુભવ, અનુભૂતિ કરી લીધી છે, તેને યોગી કહેવાય છે. યોગી પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરી મુક્તાવસ્થાને પ્રાપ્ત કરે છે. જેને મોક્ષ, મુક્તિ, નિર્વાણ કે કૈવલ્ય કહેવામાં આવે છે.

ભારતવર્ષની આ અમૂલ્ય યોગવિદ્યા, યોગદર્શનનો પરિચય ભારતના વડાપ્રધાનશ્રી અને યોગીપુરૂષ નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વને કરાવ્યો. ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી દ્વારા વિશ્વના જનસમુદાયને યોગ પ્રત્યે જાગૃત કર્યા... આધ્યાત્મિક ઉધ્વર્ગમન અને શરીર સ્વાસ્થ્યમાં યોગના વિચારને જનમાનસ સુધી પહોંચાડ્યો. આગામી ૨૧મી જૂન ૨૦૨૫ના રોજ ‘એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ’ વિષયવસ્તુ આધારે અગિયારમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થશે...

અષ્ટાંગ યોગ એટલે આઠ અંગ કે સોપાન વાળો યોગ. મહર્ષિ પતંજલિ સાધનપાદના ૨૯મા સૂત્રમાં ‘અષ્ટાંગ યોગ’ની વાત આ રીતે માંડે છે -

यमनियमासन प्राणायाम प्रत्याहारधारणा ध्यानसमाधयोअष्टव अंगानी

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ યોગનાં આઠ અંગ છે. અને પછીના ૩૦થી ૩૯ સૂત્રોમાં યમ અને નિયમની સમજણ આપે છે. પોતાની ઈન્દ્રિયો ઉપર, મન અને ભોગ ઉપર સંયમ કરવાની પ્રક્રિયા એટલે યમ. સ્વવર્તન અંગેના કાયમી આગ્રહો તે યમ. આ એક સામાજિક આચારસંહિતા છે. અહિંસા, સત્ય, અસ્તેય, સંયમ (બ્રહ્મચર્ય) અને અપરિગ્રહ આ પાંચ યમ, આ શાશ્વત મૂલ્યો માણસને પશુમાંથી માનવ બનાવે છે !

ભારતીય સંસ્કૃતિમાં હંમેશા સત્યાચરણ પર ભાર મૂકવામાં આવ્યો છે. મન, વચન, કર્મથી કોઈપણ પ્રકારની હિંસા ન થાય તે અંગે જાગૃત રહેવાનું છે. આજ પ્રમાણે મન, વચન, કર્મથી સત્યનું પાલન કરવું. સમાજ ઉત્થાન અને ઉત્કર્ષ માટે યમનું પાલન થાય તે અતિ આવશ્યક છે. કારણ વગર પેટ્રોલ ન બાળવું, જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ કરવો એ ધરતી માતાની હિંસામાંથી બચાવે છે. એટલે અહિંસાનું પાલન થયું.જરૂર પુરતાં જ પાણીનો ઉપયોગથી પાણીની અહિંસા છે. આ જ પ્રમાણે હવાને પ્રદૂષિત ન કરવી, પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો, વૃક્ષો વાવવા, પર્યાવરણનું જતન કરવું વગેરે અહિંસા છે.

બીજું યમ સત્ય છે. મહાત્મા ગાંધીજીની અનુભૂતિ તો 'સત્ય એ ઈશ્વર અને ઈશ્વર એ જ સત્ય છે' સુધી પહોંચી હતી. ડગલેને પગલે ખોટું, જૂઠું બોલવાથી બચવું. પ્રમાદવશ પણ ખોટું ના બોલવું. ખોટું બોલવાથી કોઈને આર્થિક કે માનસિક નુકસાન તો નથી થતુંને તેનો ખ્યાલ રાખવો. સત્યપાલનથી વચનસિદ્ધિ પ્રાપ્તિ થાય છે. અસ્તેય એટલે કે ચોરી ન કરવે એ ત્રીજું યમ છે. પૂછ્યા વગર કોઈની વસ્તુ વાપરવી કે લેવી. પાડોશીનું વાઈફાઈ કે બાજુવાળાના મોબાઈલમાં ત્રાસી નજર કરી જોઈ લેવું તે પણ ચોરી જ ગણાય. અસ્તેયનો ગુણ જીવનઆચરણમાં ક્ષણે ક્ષણે પળાય ત્યારે વ્યક્તિ પાસે સમૃદ્ધિ અને દૈવી સંપત્તિ સામે ચાલીને આવે છે. બ્રહ્મચર્ય ચોથું યમ છે. બ્રહ્મચર્ય એટલે ઈન્દ્રિય સંયમ અને વિકારોમાંથી મનની મુક્તિ. જ્યારે જીવનમાં બ્રહ્મચર્યનું પાલન થાય, પવિત્ર દ્રષ્ટિ સિધ્ધ થાય ત્યારે વ્યક્તિ વીર્યવાન બને છે. માનવીમાં વીર્યની પ્રબળતા આવતા તેનામાં સંકલ્પ સિધ્ધિ આવે છે. આવી વ્યક્તિ મનથી ધારે તે સંકલ્પથી સિધ્ધ કરી શકે છે. અપરિગ્રહ એ પાંચમુ યમ છે. અપરિગ્રહ એટલે જીવન જીવવા માટે ખપ પૂરતી વસ્તુઓ જ રાખવી. કપડાંની ત્રણ કે ચાર જોડીથી વધારે ન રાખવા. ખોટો સંગ્રહ ન કરવો. માનવીમાં લોભવૃત્તિ અને ભૌતિક વસ્તુઓનું આકર્ષણ ઘટે ત્યારે સંગ્રહવૃત્તિ ઘટે છે, ઓછી થાય છે. જે માણસ પોતાની જાતથી સંતુષ્ટ રહી શકે છે તેમાં અપરિગ્રહની સિદ્ધિ થાય છે.

હવે જોઈએ અષ્ટાંગ યોગનાં બીજા નંબરના સોપાન નિયમને. દિનચર્યામાં સમાવવાની પ્રવૃત્તિઓ એટલે નિયમ. શૌચ,સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન આ પાંચ નિયમો વ્યક્તિએ પાળવાના છે. શૌચ એટલે સ્વચ્છતા. તન, મન અને આસપાસની સ્વચ્છતા, શુધ્ધિ. સંતોષી નર સદા સુખી એ કહેવત પ્રમાણે આપણાં સદપ્રયાસોથી જે કાંઈ મળે તેમાં સંતોષ માની આનંદય જીવન જીવવું. ઉપવાસ, એકટાંણાં, અલુણાંવ્રતથી શરીરને તપાવવું. સ્વનું અધ્યયન એટલે સ્વાધ્યાય, આત્મચિંતન કરવું. ઈશ્વરની સર્વોપરિતાનો સ્વીકાર કરી સપર્મિત થવું. આ નિયમોનું પાલન કરી જીવનને સરળ અને ખૂશહાલ બનાવી શકાય છે. યમનિયમના આ દસ વ્રતો, જીવનના મૂળભૂત સિધ્ધાંતોનું પાલન વ્યક્તિને પૂર્ણ માનવ બનાવે છે. જીવન સરળ, સહજ અને સફળ બને છે.યમનિયમના પાલનથી વ્યવહારશુદ્ધિ થાય છે. માનસિક કલેશોનું નિવારણ થાય છે. ચિત્ત પ્રસાદ થતાં પ્રજ્ઞાની પ્રાપ્તિ અને અંતે આત્મસાક્ષત્કાર થાય છે.

વીસમી સદીનાં પ્રારભમાં ભારતવર્ષની તત્કાલિન પરિસ્થિતિ અનુરૂપ મહાત્મા

ગાંધીજીએ યમ અને નિયમને આવરી લઈ અગિયાર મહાવ્રત આપીને ભારતીય લોકજીવનમાં સદાચારની ભાવના પ્રસરાવી પ્રબળ કરી હતી...

સત્ય, અહિંસા, ચોરી ન કરવી,
વણજોતું નવ સંઘરવું,
બ્રહ્મચર્ય ને જાતે મહેનત,
કોઈ અડે નહિ અભડાવું;
અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વધર્મ સરખા ગણવા,
એ અગિયાર મહાવ્રત સમજી
નમ્રપણે દઢ આચરવાં.

અષ્ટાંગયોગનું ત્રીજું અંગ છે આસન.આસન એટલે સુખપૂર્વક બેસવાની સ્થિતિ.આધ્યાત્મિક ઉત્કર્ષ માટે આસન ઉત્તમ મનોશારીરિક સાધન છે. સાધનપાદના ૪૬મા સૂત્રમાં સ્થિરસુખમાસનમ... જે સ્થિર અને સુખદાયી હોય તે આસન છે. જેટલી જીવ યોની તેટલાં આસનો છે. ચોર્યાશી લાખ આસનો છે. આસન અભ્યાસ શરીરની સ્થિરતા માટે છે. શરીર સ્થિર થતાં મન પણ શાંત સ્થિર થાય છે. આસન અભ્યાસ શરીરને ભૂખ, તરસ, ઠંડી,ગરમી વગેરે દ્વંદ્વોને સહન કરવા માટે સક્ષમ બનાવે છે.

અષ્ટાંગયોગનું ચોથું અંગ પ્રાણાયામ છે. પ્રાણાયામથી નાડી શોધન થાય છે.શરીર હલકું, કોમળ અને વાયુધારણશક્તિ વધારનારું બને છે. પ્રાણાયામ એટલે શ્વાસ ઉપર નિયંત્રણ. પ્રાણાયામ એટલે પ્રાણ ઉપર કાબૂ. શરીરમાં શ્વસનતંત્ર અને રૂધિરાભિસરણ તંત્ર સતત પોતાનું કાર્ય કરતાં રહે છે. આપણે સૂતાં હોય કે જાગતાં હોય કે ચાલતાં હોય આ બન્ને તંત્ર ચોવીસે કલાક અવિરામ કાર્યરત રહે છે.આપણી ઈચ્છા પ્રમાણે વિવિધ પ્રકારે શ્વાસ લેવાની પ્રક્રિયા તે પ્રાણાયામ છે.

तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः (યો.સા.સૂ.૪૯)

આસન સ્થિર થતાં શ્વાસપ્રશ્વાસની ગતિને રોકવી એ પ્રાણાયામ છે. પ્રાણાયામ દ્વારા ચેતના પર ચડેલા અવિદ્યા, અસ્મિતા, રાગદ્વેષ, અભિનિવેશ જેવાં આવરણો દૂર થાય છે. આધ્યાત્મિક સાધનાના પથ ઉપર આગળ વધવા માગતા સાધકનો માર્ગ સુગમ બનાવે છે. પ્રાણાયામ પછી યોગનું પાંચમુ અંગ તે પ્રત્યાહાર. પ્રત્યાહાર એટલે પાછા ફરવું. ઈન્દ્રિયોને પાછી વાળવી, ઈન્દ્રિયોનો સંયમ.

स्वविषयासम्प्रयोगे चित्तस्यस्वरुपानुकार
इवेंद्रियाणांप्रत्याहार :। (યો.સા.સ.૫૪)

ઈન્દ્રિયોનો પોતાના વિષયો સાથે સંબંધ ન હોય ત્યારે ચિત્તના સ્વરૂપનું અનુકરણ કરવું, એ પ્રત્યાહાર છે. પ્રત્યાહાર એટલે ઈન્દ્રિયોને બહારના વિષયોમાં જતી રોકીને એને પાછી સ્વમાં લઈ આવવી. ઈન્દ્રિયોને સંયમિત કરવી. બહાર ભટકતી ઈન્દ્રિયોને

પોતાની ચેતનામાં શાંત કરીને સ્થિર કરવી.પ્રત્યાહારથી ઈન્દ્રિયો શાંત બને છે. સૃષ્ટિના સર્જનહારની અપાર શક્તિનો આભાસ થાય છે અને સાધક સ્વમાં લીન બને છે.

અષ્ટાંગયોગનું છઠ્ઠું અંગ તે ધારણા...

દેશબન્ધચિત્તસ્ય ધારણા (યો.વિભૂતિપાદ.સૂ. ૧) મનને એક વિષયમાં એકાગ્ર કરવાનો અભ્યાસ એટલે ધારણા. નાભિકમળ, હૃદયકમળ, નાસાગ્ર, ભ્રૂકુટિ, બ્રહ્મરંધ્ર વગેરે આધ્યાત્મિક સ્થાન-દેશ પર વૃત્તિને સ્થિર કરવી. આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર દ્વારા ચિત્ત જ્યારે સ્થિર થઈ જાય અને અન્ય વિષયો પરથી ખસેડી એક ધ્યેય વિષયમાં વૃત્તિપૂર્વક બાંધવું કે સ્થિર કરવું એ ધારણા છે.

ધ્યાન એ અષ્ટાંગયોગનું સાતમુ સોપાન છે...

તત્ર પ્રત્યયૈકતાનતા ધ્યાનમ્ । (યો.વિભૂતિપાદ.સૂ.૨) તે ધારણામાં વૃત્તિનું એક સમાન બની રહેવું ધ્યાન છે. ધ્યાન એટલે ચિત્તની એક વિષયમાં લાંબા સમયની એકાગ્રતા. આ અવસ્થામાં જાગૃતિની પરાકાષ્ઠા હોય છે. ઈન્દ્રિય સુખભોગના સર્વે પદાર્થો અને સર્વ વિચારોથી મનને મુક્ત કરવું. ધ્યાન એટલે કેવળ આત્મા, સ્વનો જ વિચાર. ધ્યાનાભ્યાસમાં મન બધા જ પદાર્થો પરથી ઊઠી માત્રને માત્ર આત્માને જાણે, માણે અને અનુભૂતિ કરે છે.

અષ્ટાંગયોગનું આઠમુ અને છેલ્લું સોપાન તે સમાધિ...

તદેવાર્થમાત્રનિર્भासं स्वरूप शून्यमिव समाधि । (યો.વિભૂતિપાદ.સૂ.૩) એ ધ્યાન સમાધિ કહેવાય છે. તે ધ્યાનમાં માત્ર ધ્યેય અર્થ સ્વરૂપે ભાસે છે. ધ્યાનનું સ્વરૂપ શૂન્ય થઈ જાય છે. સમાધિ અવસ્થાનું વર્ણન કરી શકાતું નથી કે વર્ણવી પણ શકાતું નથી. ગૂંગે કરી સરકરા. ખાયી ઓર મુસ્કરાય. જેવી અવસ્થા તે સમાધિ ધ્યાનની પૂર્ણતા એટલે સમાધિ. ધારણા, ધ્યાન અને સમાધિ આ ત્રણ અંગો પરસ્પર એકબીજા સાથે જોડાયેલાં છે. ચિત્તના પ્રદેશમાં પહેલાં ધારણા બંધાય છે. ધારણામાંથી ધ્યાન પ્રગટે છે અને ધ્યાનમાંથી સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે. જયાં વ્યક્તિ આત્માને પરમાત્મા સાથે એકરૂપતા અનુભવે છે.

આમ, આજની ભાગદોડભરી જિંદગીમાં અષ્ટાંગયોગનું મહત્ત્વ ઘણું વધ્યું છે. અષ્ટાંગયોગના સિધ્ધાંતોને વ્યક્તિ જીવન આચરણમાં અપનાવે તો બાહ્ય સંસાર જીવનમાં તો સુખશાંતિ સ્થપાય છે, તેની સાથોસાથ આંતરિક પરમ શાંતિની અનુભૂતિને પામે છે. અષ્ટાંગયોગના માર્ગે વ્યક્તિ આત્મ સાક્ષાત્કારના ઉચ્ચત્તમ સ્તરે પહોંચે છે... ઓમ.. ઓમ..

ટેક્નોલોજી

# સહકારિતા અને ડ્રોન ટેક્નોલોજી

ભારત દેશ એક ખેતી પ્રધાન દેશ છે. ખેતી અને પશુપાલન ક્ષેત્રે ધણી આધૂનિકતા જોવા મળે છે. ખેતી અને પશુપાલન એક બીજાના પર્યાય છે. સરકાર દ્વારા ખેતી અને પશુપાલનમાં કરવામાં આવતા પ્રયત્નો અને પ્રોત્સાહનો ખેડૂત અને પશુપાલકોની સાથે સાથે અન્ય લોકોના જીવનને પણ સમૃધ્ધ કરે છે. આવી જ એક આધુનિક ડ્રોન પધ્ધતિથી ખેતી - પશુપાલન.

ડ્રોનનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં વધવા લાગ્યો છે. ડ્રોન ટેક્નોલોજી દ્વારા વિવિધ કામોમાં સરળતા જોવા મળી છે. વિદેશોમાં યુધ્ધ સમયે, દેશની સુરક્ષા, ચૂંટણી સમયે, સભાઓમાં, સામાજિક પ્રસંગોમાં ડ્રોન નો ઉપયોગ કરવામાં આવે છે. ખેતી ક્ષેત્રમાં ડ્રોનમાં ખાસ પ્રકારના સેન્સર લગાવવામાં આવે છે. તેની સાથે જોડી દઈ ખેતર માટેના દરેક ઘટકને માપી શકે તેવી સુવિધા આ માધ્યમથી મળતી થઈ ગઈ છે. તેને માટે માટીનું સેમ્પલ લેવાની જરુર નથી. ડ્રોનમાં ગામા તરીકે ઓળખાતા કિરણોના સેન્સર જમીનમાંના ભેજને માપી શકે છે. જમીનમાં કોઈ રોગના બેકટેરિયા વધારે હોય કે જમીનને કોઈ રોગ લાગુ પડ્યો હોય તો તેનો પણ અંદાજ આપી દે છે. જમીનમાં કોઈ ચેપ હોય તો તેનો પણ કયાસ કાઢી આપે છે. તદ્‌ઉપરાંત માટીના ઘટકોમાંના પોષક દ્રવ્યો પૂરતા પ્રમાણ છે કે ઓછા વધતા છે તેનો અંદાજ પણ ડ્રોન દ્વારા મેળવી શકાય છે. ડ્રોને આપેલી આ ભાહિતીથી પાક માટે ક્યા પોષક દ્રવ્યોનો છંટકાવ કરવો તેનો પણ નિર્ણય લઈ શકાય છે. જંતુનાશક દવાઓ કે પ્રવાહી ખાતરનો વધુ જથ્થો લઈ જઈ શકે તેવા ડ્રોન વિકસાવ્યા છે. જમીનને કોઈ ઘસારો પહોચ્યો હોય તો તેનો અંદાજ પણ ડ્રોન દ્વારા ફીટ કરેલા સેન્સરથી મેળવી શકાય છે. આધુનિક સેન્સર અને હાઈ રેઝોલ્યુશન મિનિ કેમેરા હોવાથી જમીનની ફળદ્રુપતા અને હવામાન, બોરના પાણીની સિંચાઈ, બીજ વાવતરે, લણણીનો સમય, થઈ ગયેલા ઊભા પાકનો અંદાજ, પાક તંદુરસ્તી વગેરે બતાવી આપે છે. મોટા વૃક્ષોના રોપાઓની રોપણી કરવામાં ડ્રોન મદદ કરી શકે છે. આ ડ્રોન નવી ટેકનોલોજી સાથેના ડ્રોન પ્રિસિઝન

**વૈશાલીબેન એચ. રાવલ**
અધ્યાપક
શ્રી છોટાલાલ વ્યાસ સહકારી તાલીમ કેન્દ્ર,
નડીયાદ

ફાર્મિંગ (ચોક્કસાઈપૂર્ણ ખેતી) તરફ ખેડૂતોને લઈ જવામાં સમર્થ બન્યા છે. આજકાલ ખેતર માટે મજૂરી ખૂબજ મોંઘી અને ખર્ચાળ બની છે. તેના માટે આ નવી પધ્ધતિ ખૂબજ ઉપયોગી છે.

ડ્રોનની ખરીદી વ્યક્તિગત ખેડૂત ન કરી શકે કારણ કે ડ્રોનની કિંમત ઊંચી હોય અને તાલીમની જરૂરિયાત હોય છે. પરંતુ ગુજરાતની સહકારી સંસ્થાઓ જેમાં પ્રાથમિક કૃષિ સંસ્થાઓ અને દૂધ સહકારી મંડળીઓ તેની ખરીદી કરી શકે છે. સહકારી મંડળીઓને કેન્દ્રના સહકારિતા મંત્રાલયે એનેકવિધ પ્રવૃત્તિઓ કરવાનો માર્ગ ખોલી આપીને તેમની મદદ વધારવાનો રસ્તો ખોલ્યો હોવાથી તે આવનારા મહિનાઓ અને વર્ષોમાં ડ્રોનની ખરીદી કરી શકશે. સહકારી સંસ્થાઓ ડ્રોનની ખરીદી કર્યા પછી ડ્રોન ખેડૂતો અને પશુપાલકોને ભાડેથી આપી શકશે. ડ્રોન ચલાવવા માટે બેથી ત્રણ યુવાનોને તાલીમ આપી શકશે. પ્રધાનમંત્રીએ મહિલાઓને ડ્રોન ચલાવવાની તાલીમ આપીને તેમને સજજ કરવાની સ્કીમ લોન્ચ કરી છે. ગુજરાતમાં ૧૮૦૦૦ થી વધારે ગામડા છે. ગુજરાતના ૬ (છ) ગામ વચ્ચે બે ડ્રોન સહકારી સંસ્થાઓ વસાવે તો ગામના લોકોને રોજગારી મળશે. ગુજરાતમાં ૧૮૦૦૦થી વધુ ગામડા હોઈ ૬૦૦૦થી વધુ લોકોને રોજગારી મળશે. તેમજ ખેતી પણ વધુ સમૃધ્ધ બનશે.

પશુપાલકો પાસે વધારે પ્રમાણમાં પશુઓ ધરાવતા હોય છે. પશુપાલકોના પશુઓ ઘણીવાર ચોરાઈ અથવા ક્યાંક જતા રહેતા હોય છે. આ સ્થિતિમાં પશુઓને હાઈ રીઝોલ્યુશન કેમેરા અને ઈન્ફ્રારેડ કેમેરાની મદદથી સરળતાથી શોધી શકાય છે. આ ડ્રોનની મદદથી પશુને શોધવા માટે કાઢવો પડતો સમય અને નાણાંનો ખર્ચ થતો નથી. પશુઓના આરોગ્યનો અંદાજ આપતી એપ સાથે ડ્રોનની ટેકનોલોજીને જોડી દઈ પશુ આરોગ્યમાં ઉપયોગી થઈ શકે છે.

આમ, ખેતી અને પશુપાલનને વધુ સરળ અને સમૃધ્ધ બનાવવા ડ્રોન જવા ઉપકરણો ખેડૂતો અને પશુપાલકો માટે અનિવાર્ય છે.

***આ ડ્રોન નવી ટેકનોલોજી સાથેના ડ્રોન પ્રિસિઝન ફાર્મિંગ (ચોક્કસાઈપૂર્ણ ખેતી) તરફ ખેડૂતોને લઈ જવામાં સમર્થ બન્યા છે. આજકાલ ખેતર માટે મજૂરી ખૂબજ મોંઘી અને ખર્ચાળ બની છે. તેના માટે આ નવી પધ્ધતિ ખૂબજ ઉપયોગી છે.***

**વિશ્વ દિવસ**

# ૧૫મી જૂન - ફાધર્સ - ડે - પિતા-હૂંફ ભર્યો છાનો હોંકારો

છડો હું હતો છોકરો છેક છોટો,
પિતા પાળી પોષી, મને કીધો મોટો,
રૂડી રીતથી રાખતા રાજી રાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી

**– કવિ દલપતરામ**

આપણા શાસ્ત્રોમાં પિતૃ દેવો ભવઃ કહી પિતા પ્રત્યેનું ઋણ વ્યક્ત કરવાનું સુચવ્યું છે. ઉક્ત પંક્તિમાં આદી કવિ શ્રી દલપતરામે 'પિતાની સેવા' કવિતામાં પિતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરેલ છે. મૂળ સંસ્કૃતમાં પિતૃ શબ્દ સાથે અનેક અર્થો અને સંકેતો જોડાયેલા છે. પિતા એટલે પથ્થર અને પુષ્પનો સમન્વય. એમના હૃદયમાં રહેલી ઋજુતા ફુલની કોમળતાને ઝાંખી પાડી દે તો એમની હિંમત પોતાનાં સંતાનો માટે ઈન્દ્રના વજ્રના પણ ફુરચા બોલાવી દે. આમ સંતાનના સુખને જ સ્વર્ગથી વિશેષ માનતો કોઈ શબ્દ, સગપણ, સબંધ એટલે પિતા. આવા સ્વર્ગસ્થ કે હયાત પિતા પ્રત્યેનું ઋણ વ્યક્ત કરવાનો દિવસ એટલે ફાધર્સ ડે Fathers Day જે તા.૧૫-૦૬-૨૦૨૫ના રોજ આવે છે.

**વિનોદ એમ. મકવાણા**
"પંચવટી" અમીપાર્ક, બી-૧ની બાજુમાં,
૧૫૦ ફીટ રીંગ રોડ, પી.વી.મોદી સ્કૂલ નજીક,
રાજકોટ, મો. ૯૪૨૭૨૦૦૦૯૬

આ દિવસની શરૂઆત, ઈસ.૧૯૭૨માં અમેરિકાના પ્રમુખ રિચાર્ડ નિક્સને જૂન-માસના ત્રીજા રવિવારને ફાધર્સ ડે તરીકેની માન્યતા આપી ત્યારથી સમગ્ર વિશ્વ તથા ભારતમાં ઉજવવામાં આવે છે. પિતા શું છે ? આપણા નામને ટેકો આપતું નામ ? સંતાન ગમે તેટલી વયના હોય છતાં તેની ખુશી માટે રમી શકે છે ? મિત્રની જેમ સલાહ આપી શકે છે; બોડીગાર્ડની જેમ સંતાનની મૂઠી ભરવા પોતાનું ગજવું ખાલી કરે છે. પિતાના ઘસાઈ ગયેલા પગરખાં, કપડાં પરિવારના પ્રેમનો હિસાબ આપે છે. સંતાનની પ્રગતિ સુખ-મિલક્તમાં પિતાના પરસેવાની મહેંક આવે છે. આથી જ કવિ કહે છે.

"કદી કોટી કોટી સહી કષ્ટ કાયા,
મને છાતિમાં લૈ કરી છત્રછાયા

પિતા પરિવાર ઘરની ઓળખ દસ્તાવેજ છે. તેમની પાસે સંયમનો પર્વત સ્થિરતા ધૈર્ય છે. પિતા બોલે છે, વઢે છે; તેમાં પરિવારનું

ભલું હોય છે. નિષ્ફળ જાય તો હાર માનતા નથી. કે એમની વ્યથા કોઈને કળવા દેતા નથી. એમના ભાગે, પરિવારના સભ્યોના આંસુ લૂંછવાનું આવે છે. આમ પરિવારના મોભી પિતા છે. મોભને જ વધું ખીલા વાગતા હોય છે. પિતાની પ્રતિમાને દેદીપ્યમાન કરનાર અનેક પિતા છે. જેમકે, રાજા દશરથ, જનકરાજા, વાસુદેવ, શ્રીકૃષ્ણ, ગુરૂદ્રોણ, કરમચંદ ગાંધી, વિગેરે.

આજના ફાધર્સ ડેની ઉજવણી માટે જીવન પર્યન્ત પિતા-પુત્રના સબંધો-ઘનિષ્ઠ સુગમ-સરળ બની રહે, તે પાળવવા જેવી આચાર સંહિતા, મારા મતે નીચે મુજબ છે.

(૧) પિતા એ પોતાના ઉચ્ચ આચરણ દ્વારા સંતાન સમક્ષ અનુકરણીય આદર્શ સ્થાપિત કરવો જોઈએ, તો જ પુત્ર પર સીધી અસર થશે કહેવત છે કે ‘‘વડ એવા ટેટાં બાપ એવા બેટાં’’

(૨) સંતાનની કારકિર્દી ઘડવા તેને પુરતી સ્વતંત્રતા આપવી જોઈએ. પિતાએ માર્ગ બતાવવાનો છે. પોતાના નિર્ણય અંગે હઠાગ્રહ ન રાખવો. તો સામે પક્ષે, પુત્રએ પણ સખત મહેનત કરી પિતાનું નામ ઉજ્જવળ કરવાની ફરજ છે.

(૩) પિતા એ સંતાનોની ભૂલ - સુધારાવા માટે ઠપકો આપવો પડે તો પ્રેમથી અપમાનીત કર્યા સિવાય યોગ્ય સમયે એકાંતમાં પ્રેમથી મીઠા શબ્દોથી કહેવું એક મિત્રની જેમ મુક્ત મને ચર્ચા કરવી એ ન ભૂલવું કે પોતે પણ પુત્ર હતા.

(૪) સંતાનોએ પોતાના પરિવારની સ્થિતિને ધ્યાન રાખીને જીવન ઘડવાનું છે. પછેડી તેવડી સોડ તાણવાની છે. વાસ્તવિકતાને સમજી વિશેષ અપેક્ષા ન રાખવી જોઈએ.

(૫) સંતાનોએ માતા પિતા તથા સર્વે વડિલોને હૃદયથી માન-સન્માન આપવું જોઈએ. સંતાનોને હૂંફથી ઉછેરનાર પિતાના ઘડપણ વખતે તેની લાકડી - બને એજ સાચી પિતૃભક્તિ, ઈશ્વરની ભક્તિ.

ભૂતકાળમાં આપણાથી પિતા પ્રત્યે કોઈ નારાજગી હોઈ, મતભેદ થયો હોઈ તો આજના ફાધર્સ દિને, તેમની પાસે નિરાંતે બેસી, માફી માંગવી કહેવું છે. ‘‘પપ્પા તમે કહેશો તેમ કરીશ. અનુસરીશ, ફરી ભૂલ નહીં કરું. પિતાની મુશ્કેલ સંજોગોને સમજવા પ્રયત્ન કરવા. આનાથી જીવનની કોઈ અમૂલ્ય ક્ષણ હોઈ શકે ? એક બાપના હર્ષનાં આંસુથી પુત્ર માટે કોઈ મોટા આશીર્વાદ ન

હોઇ શકે ? આમ પિતાના ચહેરા પર સંતોષ અને આનંદની એક લકીર લાવશું તો ઈશ્વર રાજી રાજી થશે "જીવનમાં જેને પિતાના આશિષ છે, એ સમાજમાં વિશેષ છે"

એક પિતા ભલે દેહ ત્યાગ કરે, પરંતુ સંતાનના જીવનમાં તેના ઉપકારો, ગુણો, શીખ, અનુભવો, કાયમ હૃદયસ્થ રહે છે. પુત્રને હિંમત આપી જાય છે. એક પુત્રને જ્યારે સફળતા મળે ત્યારે પિતા યાદ આવે છે. "કાશ પપ્પા હોત તો કેટલા ખુશ થાત." એવો વિચાર આવે છે. આજના દિવસે આવા હયાત તથા સ્વર્ગસ્થ તમામ પિતાના ચરણોમાં લાખ-લાખ નમન વંદન સાષ્ટાંગ પ્રણામ...

છે પત્થર સમુ કાળજુ પણ,<br>
લાગણીઓ વહાવે છે.<br>
છે હૃદયમાં ઘણું તોફાન પણ,<br>
મો પર કળવા દેતા નથી.<br>
પોતાની ઈચ્છાઓ દબાવીને,<br>
કરે મારા ઓરતા પૂરા<br>
એ કોઇ નહીં બસ એક જ,<br>
મારા પપ્પા... પપ્પા... પપ્પા...

---

(અનુસંધાન પાનાં - ૧૩ ચાલું)

**સમાપન :**

જયવંતસિંહભાઈ જિલ્લા સહકારી સંઘ ભાવનગરના વર્ષો સુધી પ્રમુખ રહ્યા છે. ઉપરાંત જિલ્લા ખરીદ-વેચાણ સંઘ, મહિલા નાગરિક બેન્ક ભાવનગર, રાજ્ય સહકારી સંઘ, ગુજરાત રાજ્ય કૃષિ અને ગ્રામવિકાસ બેન્ક, રાજ્ય સહકારી બેન્ક, ગુજકોમાસોલ, ઈફકો, કૃભકો જેવી અનેક સહકારી સંસ્થાઓ સાથે અભિન્નપણે જોડાયેલા રહ્યા છે. પંચાયત અને સહકારી ક્ષેત્ર સાથે તેમની નિસ્બતને લીધે અનેક રાષ્ટ્રોના અભ્યાસ પ્રવાસે જવાની તક તેમને પ્રાપ્ત થઈ છે. જયવંતસિંહભાઈ અનેકવિધ સંસ્થાઓના સભ્ય, હોદ્દેદાર રહ્યા છે પણ કોઈ સત્તા, પ્રતિષ્ઠા મેળવવાની આકાંક્ષાથી નહીં પણ તેઓ ઉપેક્ષિત, વંચિત લોકોને શાહુકારી સંગઠીત શોષણ, અન્યાયના બંધનમાંથી મુકત કરવા માટે, સમર્પણ યજ્ઞભાવે ઝઝૂમતા રહ્યા છે. તેમના નિષ્કામ જીવન અને કવન આધારિત એક ગ્રંથ પ્રકાશિત કરવાની અમારી યોજના છે. વિશેષે માહિતી માટે મારો અથવા સહકારી ક્ષેત્રે અગ્રણી ભાવનાબહેન જાડેજા મો. ૭૨૦૧૮ ૭૦૮૧૮ નો આપશ્રી સંપર્ક કરી શકો છો.

યોજના

# સાચું 'ગ્રામસ્વરાજ' લાવવામાં મહત્વની કડી સાબિત થતી 'સ્વામિત્વ યોજના'

'સ્વામિત્વ યોજના' થકી ગ્રામીણોને પોતાની સંપત્તિનો અધિકાર મળ્યો : 'સ્વામિત્વ યોજના'ના બીજા તબક્કાના અમલીકરણમાં અંદાજે ૧૧.૭૫ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડ ઇસ્યૂ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ હતું : આ યોજના થકી મહિલાઓ પણ મિલકતોની માલિકી મેળવી શકે છે : નાના અને મધ્યમ ખેડૂત પરિવારો માટે આ પ્રોપર્ટી કાર્ડ આર્થિક સુરક્ષાની નોંધપાત્ર ગેરંટી બન્યું છે.

ભારત એક પારિવારિક ભાવના ધરાવતો દેશ છે, આપણે ત્યાં સંયુક્ત પરિવારની વિભાવના હજુ પણ એટલી જ મજબૂત છે. આ કારણે આપણાં દેશમાં પૂર્વજોપાર્જિત મિલકતોની સંખ્યા મોટી છે. હવે જ્યારે પરિવારોમાં એક પછી એક નવી પેઢીઓ ઉમેરાતી જાય તેમ તેમ વડીલોપાર્જિત મિલકતમાં માલિકી હક્કને લઈને અનેક કુટુંબોમાં વિવાદ થતા જોવા મળતા હોય છે, અસંખ્ય કિસ્સામાં તો પેઢી દર પેઢીથી ભોગવટો ધરાવતા હોય છતાં તે મિલકતના માલિકીહક્ક અંગે કોઈ નક્કર આધાર પુરાવા ઉપલબ્ધ નથી હોતા. જેના કારણે પરિવારોમાં વિખવાદ કે કલેશ-કંકાસ થવા અથવા મિલકત હોવા છતાં તેને વેચવી કે આર્થિક જરૂરિયાત માટે ગીરો મૂકી તેના પર લોન મેળવવી શક્ય ના હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલું જોવા મળતું હતું. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ચોરે અને ચૌટે કહી શકાય તે રીતે આ પ્રકારની સમસ્યાઓ જોવા મળતી હતી અને દાયકાઓથી તેનો કોઈ ઉકેલ લાવવા નક્કર પ્રયાસ કરવામાં આવ્યાં નહોતા. આ અત્યંત સંવેદનશીલ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા ૨૪ એપ્રિલ ૨૦૨૦ના રોજ આવકારદાયક પહેલ રોજ આવકારદાયક પહેલ સ્વરૂપે 'સ્વામિત્વ - SVAMITVA (Survey Of Villages and Mapping with Improvised Technology in Village Areas) યોજના' શરુ કરવામાં આવી હતી. આજે એ યોજના ગ્રામીણ નાગરિકો માટે તેમની પારિવારિક મિલકતના ખરા અર્થમાં 'સ્વામી' બનાવતા

**સમીર રામી**

પ્રોપર્ટી કાર્ડ મળવા સાથે આશીર્વાદ રૂપ બની જવા પામી છે.

સ્વામિત્વ યોજના એ સામાજિક - આર્થિક સશક્તીકરણ અને વધુ આત્મનિર્ભર ગ્રામીણ ભારતને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય-ક્ષેત્રની યોજના બની ગઇ છે. ગત જાન્યુઆરી માસમાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ચ્યુઅલી કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે. પી. નડાની ઉપસ્થિતિમાં સ્વામિત્વ યોજના અંતર્ગત હેઠળ ૧૦ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૬૫ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું હતું ત્યારે વડાપ્રધાને એક પ્રખ્યાત અર્થશાસ્ત્રીનો ઉલ્લેખ કર્યો કે જેમણે મિલકત અધિકારોના પડકાર પર પુસ્તક લખ્યું હતું, જેમાં જણાવ્યું હતું કે ગ્રામવાસીઓની માલિકીની મિલકતની નાની રકમ ઘણીવાર 'મૃત મૂડી' હોય છે. તેમણે ઉમેર્યું કે આનો અર્થ એ છે કે મિલકતનો ઉપયોગ વ્યવહારો માટે કરી શકાતો નથી, અને તે પરિવારની આવક વધારવામાં મદદ કરતું નથી. વડાપ્રધાને કહ્યું હતું કે ભારત મિલકત અધિકારોના વૈશ્વિક પડકારથી મુક્ત નથી. તેમણે નોંધ્યું હતું કે લાખો-કરોડોની સંપત્તિ હોવા છતાં, ગ્રામવાસીઓ પાસે ઘણીવાર કાનૂની દસ્તાવેજોનો અભાવ હોય છે, જેના કારણે વિવાદો અને શક્તિશાળી વ્યક્તિઓ દ્વારા ગેરકાયદેસર વ્યવસાય પણ થાય છે. કાનૂની દસ્તાવેજો વિના, બેંકોએ પણ આવી મિલકતોથી તેમનું અંતર રાખ્યું છે. કોઈપણ સંવેદનશીલ સરકાર તેના ગ્રામજનોને આવી તકલીફમાં છોડી શકે નહીં. વડાપ્રધાને સંયુક્ત રાષ્ટ્રના અભ્યાસને ટાંક્યો હતો. જેમાં જાણવા મળ્યું હતું કે, વિવિધ દેશોમાં ઘણા લોકો પાસે તેમની મિલકત માટે યોગ્ય કાયદાકીય દસ્તાવેજો નથી. તેમણે ઉમેર્યું હતું કે યુએનએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગરીબી ઘટાડવા માટે લોકો પાસે મિલકતના અધિકારો હોવા જરૂરી છે. તેમણે કહ્યું કે ૨૦૧૪માં સરકારે સ્વામિત્વ યોજના દ્વારા મિલકતના દસ્તાવેજીકરણના પડકારનો સામનો કરવાનો નિર્ણય કર્યો હતો. વડાપ્રધાને જણાવ્યું હતું કે પાંચ વર્ષ પહેલા, ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોને તેમના પ્રોપર્ટી કાર્ડ મળે તે સુનિશ્ચિત કરવા માટે SVAMITVA યોજના શરૂ કરવામાં આવી હતી. વિવિધ રાજ્યો મિલકત માલિકી પ્રમાણપત્રોને વિવિધ નામોથી સંદર્ભિત કરે છે, જેમ કે ઘરોની, અધિકાર અભિલેખ, પ્રોપર્ટી કાર્ડ, માલમત્તા પત્રક અને આવાસિયા ભૂમિ પટ્ટા. 'છેલ્લા ૫ વર્ષમાં ૧.૫ કરોડથી વધુ લોકોને SVAMITVA કાર્ડ

આપવામાં આવ્યા છે', સ્વામિત્વ યોજના હેઠળ, ગામડાઓમાં લગભગ ૨.૨૫ કરોડ લોકોને હવે તેમના ઘર માટે કાનૂની દસ્તાવેજો પ્રાપ્ત થયા છે. સ્વામિત્વ યોજના અંગે માહિતી આપતાં તેમણે કહ્યું હતું કે, તેમાં ડ્રોનનો ઉપયોગ કરીને ગામડાઓમાં મકાનો અને જમીનોના મેપિંગ અને ગ્રામજનોને રહેણાંક મિલકત માટે કાનૂની દસ્તાવેજો પૂરા પાડવાનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, આ યોજનાના ફાયદા હવે દેખાઈ રહ્યા છે.

મિલકત સંબંધિત બાબતોમાં વધુ પારદર્શક અને સ્પષ્ટ વ્યવહારોથી ગ્રામીણ પરિવારોમાં જમીનના વિવાદો ઓછા કરી નાણાકીય સ્થિરતાની સાથે ગામના સર્વાંગી વિકાસ માટે સ્વામિત્વ યોજના કાર્યરત છે. આ યોજના થકી નાગરિકોને તેમની વડીલોપાર્જિત મિલકતોના સ્પષ્ટ અધિકારો સાથે, ગ્રામીણ નાગરિકોને તેમની જમીનની મિલકતો પર કાનૂની માલિકી મળી રહે છે.

**કેવી રીત કામ કરે છે સ્વામિત્વ યોજના?**

સ્વામિત્વ યોજનામાં ડ્રોનની મદદથી દેશના દરેક ગામમાં ઘર અને જમીનનું મેપિંગ કરવામાં આવે છે, ગામડાના લોકોને તેમની રહેણાંક મિલકતના કાગળો આપવામાં આવે છે. સ્વામિત્વ યોજનાનો લાભ મેળવવા માટે https.// www.egramswaraj.gov.in/ પર ઓનલાઈન નોંધણી કરવાની હોય છે.

ગ્રામીણ રહેવાસીઓને 'પ્રોપર્ટી કાર્ડ' આપવાના હેતુથી આ ઐતિહાસિક યોજના અમલમાં છે જે ગ્રામીણોને લોન અને અન્ય નાણાકીય લાભો સરળતાથી મેળવવા માટેની સેવા પૂરી પાડે છે. સ્વામિત્વ યોજના અંતર્ગત હક્કચોકસીની કામગીરી સંપૂર્ણ રીતે ઓનલાઇન અને પેપરલેસ રીતે કરી શકાય તે માટે SVAMITVA Protal NIC દ્વારા તૈયાર કરાવવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત તૈયાર થતાં GIS નકશામાં સુધારા વધારા કરવા માટે પણ SVAMITVA GIS એપ્લિકેશન BISAG-N ની મદદથી ડેવલપ કરવામાં આવે છે. સ્વામિત્વ યોજનાના હેઠળ ગામ વિસ્તારની સુધારેલી ટેક્નોલોજી સાથે ગામડાઓનું સર્વેક્ષણ અને મેપિંગ કરીને તેના માલિકોને પ્રોપર્ટી કાર્ડ ઈસ્યુ કરવામાં આવે છે. આ ઉપરાંત આ યોજના થકી મહિલાઓ પણ મિલકતોની માલિકી મેળવી શકે છે. આ યોજનાનો ઉદ્દેશ જમીનના સચોટ રેકોર્ડ બનાવીને મિલકતના વિવાદોને ઘટાડવાનો છે. આ યોજનાના પરિણામે મિલકતના વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

**"સ્વામિત્વ યોજના"ના અમલીકરણમાં ગુજરાત મોખરે**

"સ્વામિત્વ યોજના"ના બીજા તબક્કાના અમલીકરણમાં અંદાજે ૧૧ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડ ઈસ્યૂ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું હતું. તે સમયે ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાના કુલ ૧૩,૮૩૧ ગામોમાં ડ્રોન દ્વારા માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. જે પેકી ૭૧૮૯ ગામોમાં પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ કરી ૧૨,૨૩,૪૫૧ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા હતા. આ સમયે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૧૦ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૩૦થી વધુ જિલ્લાઓમાં ૫૦૦૦૦થી વધુ ગામડાઓમાં સ્વામિત્વ યોજના હેઠળ ૬૫ લાખથી વધુ પ્રોપર્ટી કર્ડ્સનું વિતરણ કરાયું હેતુ, ગુજરાતના ૨૦ જિલ્લાઓના ૪૧૫ ગામોમાં ૬૪,૦૨૯ પ્રોપર્ટીકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં એક અંદાજ મુજબ ગુજરાતમાં ૧૨.૫૦ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડ તૈયાર થઈ ચુક્યાં છે. "સ્વામિત્વ યોજના"ના અમલીકરણમાં પણ ગુજરાત મોખરે છે.

**(તા.૧૯ માર્ચ, ૨૦૨૫ જયહિન્દમાંથી સાભાર)**

***વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ચ્યુઅલી કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે. પી. નડાની ઉપસ્થિતિમાં સ્વામિત્વ યોજના અંતર્ગત હેઠળ ૧૦ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૬૫ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું હતું ત્યારે વડાપ્રધાને એક પ્રખ્યાત અર્થશાસ્ત્રીનો ઉલ્લેખ કર્યો કે જેમણે મિલકત અધિકારોના પડકાર પર પુસ્તક લખ્યું હતું, જેમાં જણાવ્યું હતું કે ગ્રામવાસીઓની માલિકીની મિલકતની નાની રકમ ઘણીવાર 'મૃત મૂડી' હોય છે. તેમણે ઉમેર્યું કે આનો અર્થ એ છે કે મિલકતનો ઉપયોગ વ્યવહારો માટે કરી શકાતો નથી, અને તે પરિવારની આવક વધારવામાં મદદ કરતું નથી. વડાપ્રધાને કહ્યું હતું કે ભારત મિલકત અધિકારોના વૈશ્વિક પડકારથી મુક્ત નથી.***

સનાતન

# બીજો જન્મ નહિ મળે? આ વખતનો એન્ડ જ ધી એન્ડ છે

મૃત્યુની સભાનતાના પક્ષધરો બહુ છે અને એને જિદથી વિસ્મૃત કરનારા પણ છે. સામાન્ય મનુષ્ય જેમાં આપણે સહુ આવી જઈએ છીએ એને માટે તો મૃત્યુની સંભાવના સાવ ભૂલાઈ જવી સ્વાભાવિક છે. અંતઘડી પર કોઈનો અંકુશ નથી. આ એક વેન્ટિલેટરલ વાસ્તવિકતા છે. ટેકાથી આત્માનો મોભ બહું ટકતો નથી. માણસજાતે મૃત્યુ અને મેડિસિનની એટલી ભેળસેળ કરી મૂકી છે કે જળદૂગ્ધ વિચ્છેદ અશક્ય છે. આપણે 'છીએ' એમ માનીને ઘણુંક કરીએ છીએ તો કાલે સવારે 'નથી' એમ માનીનેય થોડુંક કરવું જોઈએ. આપણને જે નિકટજનોના ચિરવિદાયના સમાચાર મળે છે એમાંના કોઈ કોઈ એવા સ્વજનો હોય છે જેમને કંઈક કહેવાનું બાકી રહી ગયું હોય. કોરોના કાળમાં આવા સંખ્યાબંધ કરૂણાન્ત કિસ્સાઓ સપાટી પર આવ્યા છે અને સમાજ માટે એ એક વિષાદયોગ છે.

આમ જુઓ તો બધાને તો ક્યાં આપણે હળીમળી શકીએ છીએ ? કેટલાક અંતરંગ મિત્રો હોવા છતાં એ ખબર હોય છે કે હવે આ ભવમાં એમને મળવાનું થશે નહિ. કેટલાક વિદ્યાર્થીઓ કે જેમની આંખની ચમક જોઈને શિક્ષકો ઉત્સાહથી વિદ્યાવ્યાસંગ કરતા હોય એ કંઈ શાળાઓમાં પાછા ફરવાના હોતા નથી. અરે ઓફિસમાં નોકરીના વરસોમાં પણ જે સખાઓના ગમતા ગમ્મતવદન હતા તે પણ ફરી જોવા મળવાના ન હોય. વતનમાં જ સ્થાયી થનારા મિત્રો ઢળતી સંધ્યાએ પણ સાથે ઓટલે બેઠા જોવા મળે છે પરંતુ વ્યાવસાયિક કારણોસર વિખૂટા પડેલા મિત્રોને તો ચિરવિદાયના માત્ર વાવડ મળે છે અને ત્યારે હૃદય એક ધબકારો ચૂકી જાય છે. જે સંબંધમાં બન્ને પક્ષધરોએ માની લીધું છે કે હવે ભેટો થવાનો નથી તો એમાં મૃત્યુ પ્રવેશી જાય છે. અને જેમાં બન્નેને આશા છે કે કદાચ હજુ ક્યારેક ઝાંખી થઈ જાય તો થઈ જાય... એમાં જિંદગી ધબકતી હોય છે. યુધિષ્ઠિર જેવા રાજવીએ જો યક્ષને એમ કહ્યું હોય કે બીજાઓને મૃત્યુ પામતા જોતો હોવા છતાં દરેક મનુષ્ય એમ માને છે કે હું તો મૃત્યુ પામવાનો નથી તો - એમાં આ જગતના સર્વકાલીન અજ્ઞાનનો હિસાબ આવી જાય છે. માણસજાતને વહાલું લાગતું આ અજ્ઞાન છે. ડેથ એક જમાનામાં દેવી વિષય હતો.

પછી વિજ્ઞાને એને હાથમાં લીધો. આજે ડેથ એક મેનેજમેન્ટનો વિષય છે.

મૃત્યુની ડિઝાઈન ઐચ્છિક નથી હોતી. પરંતુ મરણોત્તર ડિઝાઈન હોય છે. એટલે કે સંબંધિત જાતકે પોતાની કાયમી અનુપસ્થિતિમાં પરિવાર વિશે જે કંઈ આયોજન કર્યું હોય એ એક ડિઝાઈન જ છે. કરકસરિયાઓ, લોભવૃત્તિની પ્રબળતા ભોગવનારાઓ, નિર્વ્યસનીઓ, ઉદ્યમી મહાપુરુષો અને સત્સંગી પ્રકૃતિ ધરાવનારાઓ પોતાની પાછળ નોંધપાત્ર વારસો મૂકતા જાય છે. આ યુગમાં સંસ્કારને જ ખરેખર તો વારસો ગણવો જોઈએ. હમણાં હમણાં નાની વયના સંખ્યાબંધ લોકો હૃદયરોગના હુમલામાં મૃત્યુ પામ્યા છે અને આ ક્રમ હજુ ચાલુ છે. વિવિધ અનેક કારણોસર મૃત્યુ હવે લોકનજરે ચડ્યું છે. જેનું સહજ વિસ્મરણ હતું એને કોરોનાએ વિરાટ ફલક પર વિકરાળ સ્વરૂપે બતાવ્યું. એ મૃત્યુ ફરી વિસ્મૃત થયું ને હવે ફરી જનજીવનની સપાટી પર એ ક્વચિત દેખા દે છે.

વારસો મૂકવો જરૂરી છે કે નહિ એ વિશે મતમતાંતર છે. પશ્ચિમના દેશોમાં સામાન્ય જનજીવનમાં હવે વારસાની વાત જ અપ્રસ્તુત છે. આપણે ત્યાં સંપત્તિ સર્જનનો મહિમા છે. એક સંસ્કૃત સુભાષિતનો અર્થ છે કે ગમે તેટલો વિશાળ વારસો હશે પણ કુપુત્ર હશે તો ઉડાડી દેશે અને વારસામાં કંઈ નહિ હોય તોય સુપુત્ર હશે તે મહાલયો ઊભા કરશે. માટે બુદ્ધિમાન પુરુષે વારસાઈ સર્જનમાં જીવન વ્યતીત ન કરવું. પરંતુ સંતાનોના સંસ્કાર અને વિદ્યામાં જ સમય આપવો. કારણ કે જ્ઞાન આવ્યા પછી પણ અપલક્ષણો જતા રહેતા નથી. મૃત્યુ વિશે મનુષ્યને સભાન કરવા માટે ધર્મપુરુષોએ પણ બહું વાતો કરી છે. કઠોપનિષદ સિવાય તો બધે જ મૃત્યુનો ભય બતાવવામાં આવ્યો છે.

કુદરતને જોઈ લેવાની જરૂર છે. મૃત્યુનો વિચાર જ અકુદરતી છે. પશુઓ, પંખીઓ, જંતુઓની વિરાટ જીવસૃષ્ટિમાં મનુષ્ય સિવાય કોઈનામાં મૃત્યુચિંતન નથી. જીવન અને મૃત્યુ એ બન્નેમાં કુદરતે મેગ્નેટિક ફિલ્ડ જીવનમાં જ રાખ્યું છે. હર હાલતમાં જીવ જીવન તરફ જ ખેંચાય છે. એક પતંગિયું જૂઓ... એ તો અમરપદ લઈને આવ્યું હોય એમ ફૂલો પર ઉડે છે. એક જ આયુષ્યમાં એ લાખો ફૂલોનો મધુરસ ચાખવા ચાહે છે. એને ખબર જ નથી કે એની હયાતી કેટલી અલ્પકાલિન છે. એને કારણે પ્રફુલ્લિત થઈ ઉડાઉડ કરે છે. મનુષ્યને પણ કુદરતના સિદ્ધાન્ત પ્રમાણે તો મૃત્યુની તમા જ ન હોવી જોઈએ. જે છે અને જ્યાં સુધી છે તે માત્ર જિંદગી છે.

તમે અજવાળામાં ઊભા રહીને અંધારાની વાતો કરો ત્યારે કેટલા મૂર્ખ લાગો છો એ વાત દરેકને સમજાવવાની જરૂર છે. તેમણે જિંદગી સિવાયની કોઈ વાત કરવાની જ ન હોય. પરંતુ આપણે ત્યાં તો એક સારો ધર્મગુરુ, એક સારો એલઆઈસી એજન્ટ પણ મૃત્યુનો ભય કલાકૌશલયુક્ત વાણીથી બતાવી જાણે છે.

થોડુંક તો અન્ડરવર્લ્ડના ડોન જેવું આ કામ છે. ક્યારેક કોઈ ડૉક્ટર પણ આ લાઈનમાં દેખાય છે. મૃત્ય એક ગમનબિંદુ છે. એમાં બહુ એડવાન્સ ધ્યાન આપવાનો શો અર્થ છે ? અંતવેળાએ મૃત્યુચિંતન કંઈ કામમાં ન આવે. જિંદગી સિવાયની વાત જ ફોગટ છે. દરેક ક્ષણમાં ભરપૂર જીવન જીવવું એ સિવાય મનુષ્ય મૃત્યુ વિશે નિરુપાય છે. મૃત્યુને વિજ્ઞાન થોડું પાછું ઠેલી આપે છે પણ જિંદગી બદલાઈ જાય છે. અસલ જેવી મઝા નથી. આરોગ્ય અને ધન બેયના આસન ઊંચા છે. અનારોગ્ય સાવ આકસ્મિક તો ભાગ્યે જ હોય છે, એ પણ વ્યક્તિગત બેદરકારીનો નિર્ણય હોય છે.

કેટલાક વિચારકોએ સ્પષ્ટ કહ્યું છે કે કોઈને પણ બીજો જન્મ મળવાનો નથી. આ વખતનો એન્ડ જ ધી એન્ડ છે. ઈતિ સિદ્ધમ્? અથવા એવમ્ પંચ તત્ત્વમ્ ગતઃ.....! કાલે એટલે કે દૂરના ભવિષ્યમાં આપણે નહિ હોઈએ એ નક્કી છે, પરંતુ આજે છીએ એનું શું ?. છીએ એના જ ગીત ગાવા જેવા છે. નરસૈંયો જાદવાને જગાડતી વખતે કહે છે કે ત્રણસો ને સાંઈઠ ગોવાળિયા ટોળે વળ્યા, વડો રે ગોવાળિયો (તારા વિના) કોણ થાશે....? પોતાના આખા વરસના એકેએક ત્રણસો ને સાંઈઠ દિવસને ગોવાળ બનાવીને ભક્તકવિએ કૃષ્ણના વડપણ હેઠળ મૂકી દીધા છે. પોતાનો વર્તમાન વિસ્તારીને કૃષ્ણાજ્ઞામાં મૂકી દીધો છે. જે છેડે શેરડી મીઠી છે એનો જ આસ્વાદ લેતા રહેવાનો છે, બીજે છેડે જવાની જરૂર જ ક્યાં છે ? આસ્વાદ લેતાં લેતાં આપોઆપ બીજો છેડો આવે ત્યારની વાત ત્યારે. અત્યારે તો આઠે પહોર આનંદ લેવાની મોસમ છે.

***તમે અજવાળામાં ઊભા રહીને અંધારાની વાતો કરો ત્યારે કેટલા મૂર્ખ લાગો છો એ વાત દરેકને સમજાવવાની જરૂર છે. તેમણે જિંદગી સિવાયની કોઈ વાત કરવાની જ ન હોય. પરંતુ આપણે ત્યાં તો એક સારો ધર્મગુરુ, એક સારો એલઆઈસી એજન્ટ પણ મૃત્યુનો ભય કલાકૌશલયુક્ત વાણીથી બતાવી જાણે છે.***

પર્યાવરણ

# પાણીને ઘીની જેમ વાપરો

એક જૂના અહેવાલ મુજબ ભારતમાં ૬૦ કરોડ લોકો પાણીની ભારે તંગી અનુભવે છે. ભૂગર્ભ જળસ્રોતો, જે આપણા પાણી પુરવઠાની કુલ જરૂરિયાતના ૪૦ ટકા જેટલી આપૂર્તિ કરે છે તે ઝડપથી ઓછા થઈ રહ્યા છે. દેશમાં ત્રણ ચતુર્થાંશ ઘરોમાં પીવાનું પાણી ઘરઆંગણે ઉપલબ્ધ નથી. આપણી પાસે ઉપલબ્ધ પાણી પૈકી ૭૦ ટકા જેટલું પાણી પ્રદૂષિત છે. પાણીની ગુણવત્તાની સૂચિમાં ૧૨૨ દેશોમાં ભારત ૧૨૦મા ક્રમે છે. પાણીની નબળી ગુણવત્તાના કારણે દર વર્ષે ૨ લાખ જેટલા લોકો મૃત્યુ પામે છે. પ્રદૂષિત પાણીને લીધે થતાં લોકોનાં મરણને પરિણામે લોકોની કમાવાની શક્તિ તેમજ જીવનની ગુણવત્તા પર ગંભીર અસર પડે છે. આપણા દેશને અત્યાર સુધી જે અન્ન સુરક્ષા પ્રાપ્ત થઈ છે તે પાણીની અસુરક્ષાના ભોગે પ્રાપ્ત થતી રહી હોવાનું જણાય છે. ૨૦30 સુધીમાં આપણી પાણીની માગ, પાણીના ઉપલબ્ધ પુરવઠા કરતાં બે ગણી થવાનો અંદાજ છે. ઓનો અર્થ એ છે કે આપણા દેશની ૪૦ ટકા જેટલી વસતિને પાણીની ગંભીર અછતનો સામનો કરવો પડશે. નવી દિલ્હી, બેંગલોર, ચૈન્નઈ અને હૈદરાબાદ જેવા મેટ્રોપોલિટન વિસ્તારો પર તેની ગંભીર અસર પડવાની સંભાવના છે. પાણીની અછતને પરિણામે દેશનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન છ ટકા જેટલું પ્રભાવિત થવાની સંભાવના છે. તેથી આપણે આપણા જળસંસાધનો વિશેની આપણી સમજને વધુ વ્યાપક અને ગહન બનાવવાની તેમજ એવા પ્રયાસો કરવાની જરૂર છે જે થકી આપણે આપણા પાણીના ઉપયોગને કાર્યક્ષમ અને લાંબા સમય સુધી ટકી શકે તેવો બનાવી શકીએ.

### મોર ક્રોપ પર ડ્રોપ
### (પાણીનાં પ્રત્યેક ટીપે વધુ પાક)

આ માટેના ઉપાયનો મુખ્ય આધાર કૃષિ ઉત્પાદકતા પર રહેલો હોવાનું જણાય છે, કેમ કે હાલમાં દેશના જળ સંસાધનો પૈકી લગભગ ૮૦ ટકાનો ઉપયોગ કૃષિ માટે થાય છે. ઘરેલું ઉપયોગ અને ઔદ્યોગિક ઉપયોગ માટે પાણીનો વપરાશ ખૂબ જ ઓછો છે. આવનારા દિવસોમાં લગભગ ૪૦ કરોડ જેટલા વધુ લોકો શહેરી વિસ્તારોમાં આવીને વસે તેવી સંભાવના છે. પરિણામે ઘરેલુ તેમજ ઔદ્યોગિક વપરાશ માટે પાણીની વધુ જરૂરિયાત ઊભી થશે. આના કારણે, અન્ન, આહાર અને કપડાં માટે પાણીની વધતી

જતી જરૂરિયાત સામે ખેતી માટે ઉપલબ્ધ પાણીમાં ઉત્તરોત્તર ઘટાડો થતો જશે.

તેથી ભારતે વધુ સારી કૃષિ ઉત્પાદકતા હાંસલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. સમગ્ર દેશની સ્થિતિ જોઈએ તો હાલમાં પાકની ઉત્પાદક્તાની દ્રષ્ટિએ જુદા જુદા રાજ્યોમાં ભારે તફાવત જોવા મળે છે. પંજાબ એકર દીઠ ૪૮.૪૮ ક્વિન્ટલ ઘઉંનું ઉત્પાદન કરે છે. જ્યારે મધ્ય પ્રદેશ એકર દીઠ ૨૪.૦૫ ક્વિન્ટલ ઘઉં પેદા કરે છે. ચોખાની ઉત્પાદક્તામાં પણ આવો જ મોટો તફાવત જોવા મળે છે; પંજાબમાં એકર દીઠ ૩૯.૨ ક્વિન્ટલ ચોખાના ઉત્પાદન સામે મધ્યપ્રદેશમાં એકર દીઠ ચોખાનું ઉત્પાદન માત્ર ૧૪.૩૮ ક્વિન્ટલ છે. આ તફાવત ઘટાડવો પડશે. 'મોર ક્રોપ પર ડ્રોપ'નું સૂત્ર સાકાર કરવા માટે પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવાની સાથે સાથે પાણીના વપરાશની તુલનામાં પાકની ઉત્પાદક્તામાં પણ વધારો કરવો પડશે. આ માટે ટપક સિંચાઈ, યાંત્રિક ખેતી અને વધુ સારી પાણી નિકાલની વ્યવસ્થા, શ્રેષ્ઠ બિયારણનો ઉપયોગ, રાસાયણિક ખાતરનો શ્રેષ્ઠતમ ઉપયોગ અને પાક સુરક્ષા માટેની નવતર ટેક્નોલોજીનો ઉપયોગ કરવો અનિવાર્ય બનશે.

**મધ્ય પ્રદેશ ભવિષ્યનો માર્ગ ચીંધે છે**

સિંચાઈ વ્યવસ્થાપન માટેના પ્રોટોકોલને પુનઃસ્થાપિત કરીને અસરકારક નહેર સંચાલન દ્વારા ઝડપી સિંચાઈ વિસ્તરણ માટેનું મધ્યપ્રદેશ સિંચાઈ સુધારા મોડેલ (પીમકેએસવાય), છેલ્લા માઇલ સુધીનું રોકાણ, વિલંબિત નિભાવમાં ઘટાડો, જિલ્લાઓનું સતત દેખરેખ નિયંત્રણ અને બેન્ચમાર્કીંગ, ખેડૂતો પરત્વેનું ઉત્તરદાયીત્વ સુનિશ્ચિત કરવા માટે સિંચાઈ સાથે સંકળાયેલ અમલદારશાહીને સક્રિય બનાવવી અને પાણીના વપરાશકારોના મંડળોને પુનઃ ? સક્રિય બનાવવા એ ભવિષ્યનો માર્ગ છે. ખાસ કરીને મહારાષ્ટ્ર જેવાં રાજ્યો માટે, જે દેશમાં સૌથી વધુ મોટા બંધો ધરાવે છે પરંતુ સિંચાઈ હેઠળનો વિસ્તાર ટકાવારીની દ્રષ્ટિએ સૌથી ઓછો છે.

આ ઉપરાંત, ભારતમાં ચોખા અને ઘઉંની ખેતી પૂર્વ તરફ તબદીલ કરવાની ખરેખર ઘણી સંભાવના છે. આજે પંજાબ, હરિયાણા અને આંધ્રપ્રદેશ ૫૬ બીસીએમ જેટલું આભાસી જળ (વર્ચ્યુઅલ વોટર) નિકાસ કરે છે; એનાથી ઉલટું, પાણીથી સમૃદ્ધ એવાં બિહાર, ઝારખંડ અને ઓરિસ્સા જેવા રાજ્યો ૨૯ બીએમસી જેટલું આભાસી જળ (વર્ચ્યુઅલ વોટર) આયાત કરે છે. યોગ્ય ખરીદીની નીતિઓ (અપોઝિટ પ્રોક્યોરમેન્ટ પોલીસીઝ), સોલાર વીજળી અને ખેડૂતોને યોગ્ય સહાય દ્વારા ઘઉં અને ચોખાનું અર્થતંત્ર પૂર્વના રાજ્યોમાં તબદીલ

કરવામાં આવે તો બીજી હરિત ક્રાંતિની ખરેખર સંભાવના રહેલી છે. સદભાગ્યે જયાં ભૂગર્ભજળ ઉપલબ્ધ છે એવા, સિંચાઇથી વંચિત ૯૫ જિલ્લાઓમાં આનાથી મોટું પરિવર્તન લાવી શકાશે. સોલાર વીજળી અંગેની વિચારપૂર્વક અમલમાં મૂકવામાં આવેલી નીતિથી, સિંચાઈથી વંચિત રહેલા જિલ્લાઓમાં ૧૦,૦૦૦ મેગાવોટ જેટલી વીજળી ઉત્પન્ન કરી શકાશે; ૨૭ લાખ જેટલા પમ્પને વીજળી પૂરી પાડી શકાશે અને ૧૮ થી ૨૦ એમએચ (Million Hectares) જેટલી જમીનમાં સિંચાઇ કરી શકાશે.

## ગુજરાતના સુધારા

ભૂગર્ભ જળના ક્ષેત્રમાં જે રીતે ગુજરાતે તેની જ્યોતિગ્રામ યોજના થકી પાણી - વીજળીની સમસ્યા ઉકેલી છે તે ઉદાહરણરૂપ છે. તેણે અલગ ફિડરો પૂરાં પાડીને, વીજળીના મીટરો દ્વારા વીજપુરવઠો તથા વીજ વપરાશનો સમય નક્કી કરીને કૃષિ ઉપયોગ માટેની વીજળીનું સારૂં નિયંત્રણ સુનિશ્ચિત કર્યું છે. આ ઉપરાંત, વીજળીની ચોરી રોકવા માટે તેણે વધુ સતર્કતા દાખવી છે. આનો અમલ કરવો રાજકીય દ્રષ્ટિએ ખૂબ જ પડકારજનક હોવા છતાં આ સુધારાઓને કારણે ફીડર સ્તરે પ્રવર્તતી અધાધૂંધી રોકવામાં, વીજળીની ચોરી ઘટાડવામાં તેમજ મફત અને મીટર વિના પૂરી પાડવામાં આવતી વીજળી પરની સબસીડીની સમસ્યા હલ કરવામાં ઘણી મદદ મળી છે. આવા ઉપાયોની સાથે વરસાદી પાણીનો સંગ્રહ, ચેકડેમ (બોરીબંધ) અને સૂક્ષ્મ સિંચાઈ જેવાં અન્ય પગલાંઓ થકી ગુજરાત ભૂગર્ભ જળ સ્તરમાં થતો ઘટાડો રોકી શક્યું છે. ભૂગર્ભજળ સ્તરમાં થતો ઘટાડો, જે ૨૦૦૨ની સાલમાં ૭૫.૩ ટકા હતો અને 'સેમી ક્રિટિકલ' (ચિંતાજનક) સ્તરે હતો તે ૨૦૧૩માં ઘટીને ૬૭.૯૨ ટકા જેટલો થયો છે અને સલામત સ્તરે આવ્યો છે. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ (CGWB) નું મૂલ્યાંકન દર્શાવે છે કે આ સમયગાળા દરમિયાન સલામત બ્લોક્સની સંખ્યા ૧૦૫ થી વધીને ૧૭૭ જેટલી થઇ છે અને પાણીનો અતિશય ઉપયોગ કરતા બ્લોક્સની સંખ્યા ૩૦થી ઘટીને ૨૩ જેટલી થઈ છે.

## લીકેજને દુસ્સ્ત કરવા

ઉપર જણાવેલા ઉપાયોને પૂરક તેવાં અન્ય સંભવિત પગલામાં મ્યુનિસિપલ વિસ્તારોમાં લીકેજને દુરસ્ત કરવાનો અને આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ ઔદ્યોગિક અને થર્મલ પાવર પ્લાન્ટ્સમાં પાણીનો શ્રેષ્ઠત્તમ ઉપયોગ કરવાનો છે.

આપણો દેશ દૈનિક ધોરણે ૪૨ અબજ લિટર જેટલું ગંદુ પાણી (વેસ્ટ વોટર) ઉત્પન્ન

કરે છે. આ પાણી જે હાલ આપણી નદીઓને પ્રદૂષિત કરે છે તેનો પુનઃ ઉપયોગ કરીને તેને ખેતી અને ઉદ્યોગ માટે વપરાશમાં લઈ શકાય તેમ છે. આપણે માત્ર એટલું સુનિશ્ચિત કરવાનું છે કે પાણીથી આપણે આર્થિક ઉપજ પ્રાપ્ત કરી શકીએ. જુદા જુદા ક્ષેત્રોમાં ખૂબ જ ઓછી કિંમતે ઉપલબ્ધ થતાં પાણીના લીધે પાણીનો વ્યય વધે છે અને સરવાળે પાણી વધારે ખર્ચાળ પુરવાર થાય છે.

**પાણીના વપરાશનું ઓડિટ**

ઉપર જણાવેલા ઉપાયોને અસરકારક રીતે અમલમાં ત્યારે જ મૂકી શકાશે જ્યારે આપણે પાણીના ઉપયોગનું તેની ગુણવત્તા, વિસ્તાર અને ક્ષેત્ર, પાણીનો અતિશય ઉપયોગ કરતાં અને જરૂર કરતાં ઓછો ઉપયોગ કરતાં ક્ષેત્રો, પાણીની વપરાશનાં વલણો તેમજ પાણીના આર્થિક અને સામાજિક લાભો વચ્ચેના વિનિમય વગેરે પાસાંઓના આધારે આપણે ઓડિટ કરી શકીશું.

આપણે પાણીનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરી શકીએ તે માટે આપણે આપણી પાણીની વપરાશ અંગેની જળસંબંધી નીતિઓની કેવી અસર પડી છે તેનું મૂલ્યાંકન કરવા માટે વધુ સંશોધનો કરવાની જરૂર છે. આ માટે જળ સંસાધન મંત્રાલયમાં તેમજ આ ક્ષેત્રમાં કામ કરતી સેન્ટ્રલ વોટર કમિશન અને ઈઋઠઇ જેવી મુખ્ય વાવસાયિક સંસ્થાઓમાં પ્રશાસન સંબંધી સુધારા કરવા જરૂરી છે.

જળ સંસાધનો લાંબા સમય સુધી ટકી શકે એ રીતે પાણીનો ઉપયોગ કરવા માટે લોકોની આ વિષયમાં જાગૃતિ અને સમર્થન કેટલી મહત્વની ભૂમિકા ભજવે છે તેનું ઈઝરાયેલ જીવતું જાગતું ઉદાહરણ છે. આ માટેનો એક ઉપાય, ખાસ કરીને અછતના સમયગાળા દરમિયાન, સંસદમાં અને રાજયની વિધાનસભાઓમાં પાણીનું અંદાજપત્ર રજૂ કરવાનો છે. કદાચ આમ કરવાથી આપણા ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓને આ સમસ્યા અંગે ઊંડાણપૂર્વક વિચારવાની અને પાણીના સોતો લાંબા સમય સુધી ટકી રહે એ રીતે પાણીનો ઉપયોગ કરવા અંગેની યોજનાઓ થડવાની ફરજ પડશે. ભગવાન મહાવીર સ્વામીએ વર્ષો પહેલાં પાણીનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે, ‘પાણીને ઘીની જેમ વાપરો’ ૨૨મી માર્ચનો દિવસ સમગ્ર વિશ્વમાં “વિશ્વ જળ દિવસ” તરીકે મનાવવામાં આવે છે, ત્યારે પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ દ્વારા આપણે - ભગવાન મહાવીર સ્વામીને સાચી શ્રદ્ધાજંલિ આપી શકીશું.

## ‘સહકાર’ પાક્ષિક અને ‘ગ્રામસ્વરાજ’ માસિકના જાહેરાતના દર

### તા. ૧-૧૦-૨૦૨૪ થી

| સહકાર પાક્ષિક | એકવાર | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧. આખું પાન | ૬,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૨. અડધું પાન | ૪,૦૦૦/– | ૨૦,૦૦૦/– | ૪૦,૦૦૦/– | ૯૦,૦૦૦/– |
| ૩. પા પાના | ૩,૦૦૦/– | ૧૫,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૫,૦૦૦/– |
| ૪. શુભેચ્છા | ૨,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧૮,૦૦૦/– | ૪૦,૦૦૦/– |

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૨૫/–

**‘સહકાર’ વિશેષાંક : ૨૦૨૫ થી**

| | | |
|---|---|---|
| ૧. | ટાઈટલ પાન – ૪ | ૪૦,૦૦૦/– |
| ૨. | ટાઈટલ પાન – ૨ / ૩ | ૨૫,૦૦૦/– |
| ૩. | આર્ટ પેપર ફોર કલર | ૧૫,૦૦૦/– |
| ૪. | અંદરનું આખું પાન | ૭,૫૦૦/– |
| ૫. | અંદરનું અડધું પાન | ૫,૦૦૦/– |
| ૬. | અંદરનું પા પાન | ૩,૦૦૦/– |

## જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૧૦,૦૦૦/-

| ‘ગ્રામસ્વરાજ’ માસિક | એકવાર | વાર્ષિક |
|---|---|---|
| ૧. ટાઈટલ પાન – ૪ | ૫,૦૦૦/– | ૫૦,૦૦૦/– |
| ૨. ટાઈટલ પાન – ૨ / ૩ | ૪,૦૦૦/– | ૪૦,૦૦૦/– |
| ૩. અંદરનું આખું પાન | ૩,૦૦૦/– | ૩૦,૦૦૦/– |
| ૪. અંદરનું અડધું પાન | ૨,૦૦૦/– | ૨૦,૦૦૦/– |
| ૫. પા પાન | ૧,૦૦૦/– | ૧૦,૦૦૦/– |
| ૬. શુભેચ્છા | ૫૦૦/– | ૫,૦૦૦/– |

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-06-2025)

# યોગ સાથે જોડાઈ રહી છે દુનિયા, બની રહ્યું છે વૈશ્વિક આંદોલન

યોગ એક શારીરિક, માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે, જેની શરૂઆત પ્રાચીન ભારતમાં થઈ હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દર વર્ષે ૨૧ જૂને ઉજવવામાં આવે છે. એક પ્રાચીન ભારતીય પ્રથામાંથી વૈશ્વિક આંદોલન બન્યું છે. વર્ષ ૨૦૧૪ માં આ આંદોલનની શરૂઆત થઈ હતી. થયેલી. આ પહેલે વિશ્વભરના લાખો લોકોને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખાકારી માટે યોગ દ્વારા જોડ્યા છે.

ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (યુએનજીએ)માં તેમના ભાષણ દરમિયાન પ્રોત્સાહન આપતા કહ્યું: ''યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની એક અમૂલ્ય ભેટ છે. તે મન અને શરીર; વિચાર અને ક્રિયા; સંયમ અને પરિપૂર્ણતા; મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સુમેળ; સ્વાસ્થ્ય અને સુખાકારી માટે સંપૂર્ણ અભિગમની એકતાને મૂર્તિમંત કરે છે. તે ફક્ત કસરત વિશે નથી, પરંતુ તેમાં તમારી જાત સાથે, વિશ્વ અને પ્રકૃતિ સાથે એકતાની ભાવના શોધવાની છે. આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવીને અને ચેતનાનું સર્જન કરીને તે સુખાકારીમાં મદદરૂપ થઈ શકે છે. ચાલો આપણે આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અપનાવવાની દિશામાં કામ કરીએ.''

આમ, ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધન દરમિયાન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પહેલનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેમાં યોગના સર્વાંગી ફાયદાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ૧૭૭ દેશોના સમર્થનથી સંયુક્ત રાષ્ટ્રએ ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો. આ તારીખ જે ગ્રીષ્મ સંક્રાંતિ સાથે મેળ ખાય છે, ઘણી સંસ્કૃતિઓમાં આધ્યાત્મિક મહત્વ ધરાવે છે અને પ્રકાશ અને એકતાનું પ્રતીક છે. વર્ષ ૨૦૧૫માં સૌપ્રથમ આયોજિત આ મહોત્સવમાં ન્યૂ યોર્ક, પેરિસ અને બેઈજિંગ જેવા શહેરોમાં અભૂતપૂર્વ ભાગીદારી જોવા મળી હતી, જેણે વૈશ્વિક આંદોલનનો પાયો નાખ્યો હતો.

**શાંતિ અને એકતાની સાર્વત્રિક પ્રથા બન્યું યોગ**

વર્ષ ૨૦૨૫ ની થીમ, ''એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ'', યોગની વ્યક્તિગત અને ગ્રહ કલ્યાણમાં ભૂમિકાને રેખાંકિત કરે છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તેના ૧૧મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે, ત્યારે તેને વિશ્વનું અતૂટ સમર્થન લાખો લોકોને પ્રેરણા દ્વારા મળી રહ્યું છે, જેનાથી યોગ સ્વાસ્થ્ય, શાંતિ અને એકતાની સાર્વભૌમિક પ્રથા બની ગયું છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza,
B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat